Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

❁ મહાવીર-નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ ❁



दंसणमूलो धम्मो

# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૬૨

## ❁ વાહ રે મુનિદશા ! સમ્યગ્દ્રષ્ટિ તેનો ભક્ત છે ❁

સમ્યગ્દર્શન ઉપરાંત જ્યારે અંતરમાં આત્મસ્વરૂપમાં ઘણી લીનતા થાય ત્યારે મુનિદશા હોય છે. સમ્યગ્દ્રષ્ટિને આવી મુનિદશાની નિરંતર ભાવના હોય છે. અહો મુનિદશાની શી વાત ! એમની શુદ્ધતા ને એમનું સુખ તો સર્વાર્થસિદ્ધના દેવ કરતાંય વિશેષ છે. એ તો પરમેષ્ઠી પદ છે, અરિહંતો અને સિદ્ધોની સાથે નમસ્કારમંત્રમાં એમનું નામ આવે છે; સમ્યગ્દ્રષ્ટિ જીવો પણ દાસાનુદાસપણે પરમ ભક્તિથી એમના ચરણોમાં મસ્તક ઝુકાવે છે. વાહ, એ મુનિદશા ! અરે, સમ્યગ્દર્શન પણ અપૂર્વ દશા છે ત્યાં મુનિદશાની તો શી વાત ! મુનિવરો તો આત્માના મહા આનંદના ઝુલે ઝૂલી રહ્યા છે. અહો ! એ તો સંત-પરમેશ્વર છે, પરમ ગુરુ છે, મોક્ષના ઉગ્રપણે સાધક છે, સિદ્ધપદના પાડોશી છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ આવા મુનિનો ભક્ત હોય છે; ને તે સમ્યગ્દ્રષ્ટિની દશા પણ અલૌકિક હોય છે.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૦, માગશર ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૩૧ : અંક ૨
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# વિવિધ સમાચાર

સોનગઢ :– પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. સવારે પ્રવચનમાં બોધપ્રાભૃત ચાલે છે. બપોરે સમયસાર–પરિશિષ્ટમાં ૪૭ શક્તિનું વર્ણન તુરતમાં શરૂ થશે. હમણાં પ્રવચનમાં વારંવાર ગુરુદેવ મહાવીરપ્રભુના મોક્ષગમનના અઢીહજારવર્ષના ઉત્સવને યાદ કરીને, મહાવીરશાસનનો ઘણો મહિમા સમજાવે છે, ને તેની સાચી પ્રભાવના કઈ રીતે થાય તેનું ખાસ વિવેચન કરે છે. તેમાં સૌથી પહેલું મૂળભૂત એ છે કે મહાવીરપ્રભુ કઈ રીતે મોક્ષ પામ્યા ને તેમણે કહેલાં તત્ત્વોનું સાચું સ્વરૂપ શું છે તે ઓળખવું જોઈએ. બાકી મહાવીરપ્રભુના નામે જો વિપરીત તત્ત્વની કે વિપરીત માર્ગની પ્રરૂપણા થતી હોય તો તેમાં જૈનશાસનની પ્રભાવના કયાંથી થાય ? માટે, મહાવીરપ્રભુના મોક્ષનો ઉત્સવ ઉજવનારની જવાબદારી એ છે કે પ્રથમ તો તે જૈનતત્ત્વના સાચા સ્વરૂપનો જાણકાર હોવો જોઈએ. અને આવો સુંદર અવસર જૈનસમાજના બધા લોકો હળીમળીને પરસ્પર સહકારપૂર્વક ઊજવે તે સારું જ છે. તેમાં કોઈ પણ જૈનનો વિરોધ હોઈ શકે નહીં. આપણા મહાવીરપ્રભુના મોક્ષનો ઉત્સવ આપણે નહિ ઊજવીએ તો કોણ ઉજવશે ?

બીજી એક વાત ગુરુદેવ એ કહે છે કે–જેને જૈનધર્મનો રંગ હોય, વીતરાગ દેવ–ગુરુની પરમ ભક્તિ હોય, ને અન્ય કુમાર્ગના સેવનથી જીવનું કેટલું અહિત થાય છે તેનો ખ્યાલ હોય, એવા કોઈ જૈનગૃહસ્થ પોતાની પુત્રીને જૈન સિવાય અન્યમતમાં આપે નહિ; શ્રાવકાચારમાં પણ તેનું ખાસ વર્ણન આવે છે. ઘણી લાગણીથી ગુરુદેવ કહે છે કે અરે, બાળપણથી ૧૫–૨૦ વર્ષ સુધી જે દીકરી જૈન સંસ્કારમાં ઊછરી હોય, તેને માન–આબરૂ કે ધનવૈભવ ખાતર કુધર્મના કુવામાં નાખી દેવી–( જ્યાં એને ભગવાનના દર્શન પણ ન મળે ) એ તો પોતાને જ ધર્મના પ્રેમનો અભાવ સૂચવે છે. ધનવૈભવવાળા કુધર્મીના ઘર કરતાં તો ગરીબ સાધર્મીનું ઘર સારું. બસ, વ્યવહારની આ વાતમાં 'થોડું લખ્યું પણ ઘણું કરીને વાંચજો.'

[ એવી પણ અનેક ધર્મસંસ્કારી કુમારી–બહેનોના પ્રસંગ સાંભળ્યા છે કે જેણે પોતે, અન્યધર્મનું ઘર ગમે તેવું મોટું હોય તોપણ, અન્યધર્મી સાથે પોતાના વિવાહ માટે દ્રઢપણે ઇન્કાર કરી દીધો હોય, ને એ રીતે પોતાના ધર્મસંસ્કારનું અડગપણું રાખ્યું હોય. એટલે ધર્મસંસ્કારી બહેનોએ પોતે પણ આ બાબતમાં જાગવું જોઈએ. અને આપણા યુવાન બંધુઓએ પણ ધન કે રૂપને ગૌણ ગણીને, ધર્મસંસ્કારની મુખ્યતા રાખીને પસંદગી કરવી જોઈએ. ]

[ વિશેષ માટે જુઓ પાનું ૩૭ ]

* મહાવીરપ્રભુના મોક્ષગમનનું અઢી હજારમું વર્ષ *

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

વીર સં. ૨૫૦૦ માગશર Dece. 1973

* વર્ષ ૩૧ : અંક ૨ *


## 卐 મહાવીર પ્રભુના માર્ગની પ્રભાવના કેમ થાય ? 卐

# 卐 अहिंसा...अनेकान्त...अपरिग्रह 卐

પ્રશ્નઃ– હાલમાં મહાવીરપ્રભુના મોક્ષગમનનું અઢીહજારમું વર્ષ ચાલી રહ્યું છે, તો મહાવીરપ્રભુના માર્ગની પ્રભાવના કેમ થાય ?

ઉત્તરઃ– અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહભાવ વડે મહાવીરપ્રભુના માર્ગની પ્રભાવના થાય છે.

પ્રશ્નઃ– મહાવીરપ્રભુના માર્ગની અહિંસા કેવી છે ?

ઉત્તરઃ– પ્રભુએ કહેલું જીવ–અજીવનું સ્વતંત્ર ભિન્ન સ્વરૂપ જાણીને ભેદજ્ઞાન અને વીતરાગતા પ્રગટ કરવી તે પ્રભુના માર્ગની સાચી અહિંસા છે; જેણે આવી અહિંસા કરી–તેણે મિથ્યાત્વ કે રાગાદિ વડે આત્માના ચૈતન્યભાવને ન હણ્યો, તે જ સાચી અહિંસા છે. જ્યાં આવી વીતરાગી અહિંસાનો ભાવ હોય ત્યાં પરજીવને હણવાની હિંસાવૃત્તિ હોય જ નહિ. આવા અહિંસા ધર્મની ઓળખાણ અને પ્રચારવડે પ્રભુના મોક્ષનું અઢી હજારમું વર્ષ ઉજવવા યોગ્ય છે. અહો, વીરનાથે કહેલી સૂક્ષ્મ અહિંસા કેવી અજબ–અલૌકિક છે તેની જગતને ખબર નથી. આવા લોકોત્તર અહિંસાધર્મનો પ્રચાર કરવા જેવું છે, તેમાં કોઈ પણ જૈનને વિરોધ હોય નહીં.

પ્રશ્નઃ– મહાવીર ભગવાને કહેલા અનેકાન્તધર્મનું સ્વરૂપ શું છે?

ઉત્તરઃ– એક જ વસ્તુમાં પોતાના અનંતધર્મોનું હોવાપણું, ને પરરૂપે તેનું અસત્‌પણું;–આવા અનેકાન્તરૂપ વસ્તુસ્વરૂપ છે, એટલે પ્રત્યેક વસ્તુને પોતાના સ્વરૂપથી પૂર્ણપણું છે, તેમાં બીજા કોઈની અપેક્ષા નથી. સ્વતઃ વસ્તુ પોતે જ પોતાના સ્વભાવધર્મથી દ્રવ્ય–પર્યાયરૂપ છે, નિત્ય–અનિત્યરૂપ છે, સત્‌–અસત્‌રૂપ છે. અનેકાન્ત સ્વભાવવાળી આવી વસ્તુમાં બીજો કોઈ કાંઈ પણ કરે–એ વાત મહાવીરપ્રભુના અનેકાન્તમાર્ગમાં રહેતી નથી. મહાવીરપ્રભુએ તો અનેકાન્તવડે પ્રત્યેક જીવ–અજીવ વસ્તુની અન્ય સમસ્ત વસ્તુઓથી ભિન્નતા અને પોતાના સ્વરૂપથી પરિપૂર્ણતા બતાવી છે. આવા વસ્તુસ્વરૂપને ઓળખવું તે અનેકાન્તનો પ્રચાર છે. આવું અનેકાન્તસ્વરૂપ ઓળખતાં પરથી ભિન્નતા જાણીને જીવ પોતાના સ્વરૂપની સન્મુખ થાય છે, –તે અનેકાન્તનું ફળ છે, તે મહાવીરપ્રભુનો માર્ગ છે. પ્રભુના નિર્વાણના આ અઢીહજારમા વર્ષમાં આવા અનેકાન્તરૂપ જૈનમાર્ગની પ્રભાવના કરવા જેવી છે; તેમાં કોઈપણ જૈનને વાંધો હોય નહીં.

અનેકાન્તવડે વસ્તુના બધા સ્વભાવોને ઓળખતાં જીવાદિ તત્ત્વોનું તથા સમ્યગ્દર્શનાદિનું સાચું જ્ઞાન થાય છે ને તેમના સંબંધમાં વિપરીત માન્યતાઓ ટળી જાય છે. આવું સમ્યક્‌ તત્ત્વાર્થ શ્રદ્ધાન તે જૈનધર્મનું મૂળ છે, અને તે જ મહાવીર પ્રભુના માર્ગની સાચી ઓળખાણ છે, તેના વડે જ જીવનું કલ્યાણ થાય છે; માટે અનેકાન્તમાર્ગવડે જગતમાં તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરવા જેવો છે.

પ્રશ્નઃ– મહાવીરપ્રભુના માર્ગમાં અપરિગ્રહવાદ કેવો છે?

ઉત્તરઃ– જીવ કે અજીવ, સ્વ કે પર, પ્રત્યેક વસ્તુ પોતાના અનંત ગુણસ્વરૂપથી પરિપૂર્ણ છે, ને બીજા બધાથી સર્વથા જુદી છે. આ રીતે જ્ઞાન–આનંદમય પોતાના પરિપૂર્ણ સ્વરૂપને જાણવું, અને તેમાં પરના કે રાગના કોઈ પણ અંશનું ગ્રહણ ન કરવું એટલે પરદ્રવ્યની કે પરભાવની પક્કડ ન કરવી,–તેમાં આત્મબુદ્ધિ ન કરવી, તે જ મહાવીરપ્રભુના માર્ગમાં સાચું અપરિગ્રહપણું છે. પરના કે રાગના કોઈપણ અંશથી પોતાને ધર્મનો લાભ થવાનું જે માને તેના ભાવમાં પરની પક્કડરૂપ પરિગ્રહ છે, પ્રભુના માર્ગના અપરિગ્રહવાદની તેને ખબર નથી. જેનાથી પોતાને

લાભ માને તેમાં મમત્વ રહે જ છે, ને મમત્વબુદ્ધિ તે જ પરિગ્રહ છે. પોતાનો પૂર્ણ આત્મવૈભવ જેને ન દેખાય તે જ બીજા પાસેથી કંઈ લેવાની બુદ્ધિ કરે, ને પરમાંથી લાભ લેવાની બુદ્ધિ જ પરિગ્રહનું મૂળ છે. મહાવીરભગવાને પ્રત્યેક આત્માનો સંપૂર્ણ જ્ઞાનવૈભવ આત્મામાં જ બતાવ્યો છે; આવા પોતાના પૂર્ણ આત્મવૈભવને દેખનાર જીવ બીજા પાસેથી કાંઈ લેવાની બુદ્ધિ કરતો નથી એટલે તેને પરની મમતારહિત અપરિગ્રહપણું પ્રગટે છે. રાગના કોઈ અંશને પણ તે જ્ઞાનમાં પકડતો નથી, રાગના અંશથી જ્ઞાનને લાભ થવાનું માનતો નથી, એટલે તેના જ્ઞાનમાં રાગનો પણ પરિગ્રહ નથી. આ રીતે જ્ઞાન પોતે જ પરના પરિગ્રહ વગરનું હોવાથી તે અપરિગ્રહી છે; અને આવું અપરિગ્રહત્વ તે જ ભગવાનનો માર્ગ છે.

આ પ્રમાણે ભગવાનના માર્ગમાં અહિંસા, અનેકાંત ને અપરિગ્રહત્વ–એ ત્રણે એકસાથે છે, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પણ તેમાં જ સમાઈ જાય છે.

આ રીતે અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહવાદના પ્રચાર વડે મહાવીર ભગવાનના માર્ગની પ્રભાવના કરવા જેવી છે; અને એ જ ભગવાનના નિર્વાણનો પચીસસો વર્ષનો મહોત્સવ છે.–આવી ઊજવણીમાં કોઈપણ જૈનને વિરોધ હોઈ શકે નહિ. એમાં તો બધા જૈનો એકમત થઈને કહેશે કે–

“જય મહાવીર”

卐 જગતની વિભૂતિઓના આશ્રયે સાધક નથી જીવતો; પરંતુ જગતની વિભૂતિઓ સાધકનો આશ્રય કરવા આવે છે. સાધક મોટો છે, જગતની વિભૂતિ કાંઈ મોટી નથી. અહા, ચૈતન્યની અદ્‌ભુત વિભૂતિ પાસે જગતની વિભૂતિ તો સાવ તૂચ્છ ભૂતિસમાન છે.

卐 પરભાવોના મોટા ધોધમાર પૂરની વચ્ચે ચૈતન્યતત્ત્વ એક જ અડોલ છે; તેની ભાવનામાં વર્તતા મુમુક્ષુને સંયોગનો કોઈ પ્રવાહ ખેંચી શકતો નથી. મુમુક્ષુનું જીવન અડગપણે આત્મહિતના માર્ગે જ વર્તે છે, તેને કોઈ ડગાવી શકે નહિ.

*** મહાવીરપ્રભુની મુક્તિનું અઢીહજારમું મંગલવર્ષ ***

**ચૈતન્યના અનંત ગંભીર ભાવોથી ભરેલું**

# વીરનાથનું અનેકાન્ત-શાસન

અહો, આત્માનું અલૌકિક સ્વરૂપ અનેકાંત–જ્ઞાનવડે જ પ્રસિદ્ધ થાય છે. અનુભવમાં આવે છે. સર્વજ્ઞ ભગવાનના જિનશાસનને એટલે કે અનેકાન્તમય વસ્તુસ્વરૂપને સમ્યગ્જ્ઞાની જ જાણે છે. અહો, વીરનાથનું અનેકાન્ત–શાસન કોઈ અદ્‌ભુત પરમ ગંભીરતાથી ભરેલું છે. કોઈ પણ પડખેથી તેને નક્કી કરવા જતાં જ્ઞાન પરથી નાસ્તિપણું કરીને, અંતરમાં અનંતગુણથી ભરપૂર સ્વભાવની અસ્તિમાં પ્રવેશી જાય છે, એટલે શુદ્ધતારૂપે તેનું પરિણમન થાય છે.–આ જ આત્માને સાધવાની રીત છે, આ જ મોક્ષમાર્ગ છે, ને આ જ અરિહંતમાર્ગની ઉપાસના છે.

વળી એકસાથે વર્તતા પુરુષાર્થ–નિયતિ વગેરે પાંચે સમવાયનો સાચો નિર્ણય તેને જ થાય છે કે જે અનેકાન્તમય જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તે–રૂપે પોતાને અનુભવે છે. જ્ઞાનમય અનેકાન્તની કોઈ અજબ તાકાત છે. ભાઈ! એકવાર તું જ્ઞાનસ્વભાવી આત્માને નક્કી કર તો તેમાં બધું આવી જશે. અનેકાંતમય જ્ઞાનનો અનુભવ તે ‘અમૃત’ છે; અમૃત એવી મોક્ષદશાનું તે કારણ છે.

(સમયસારના પરિશિષ્ટમાં અનેકાન્તમય જ્ઞાનનું વર્ણન ચાલે છે.)

‘જ્ઞાનમાત્ર આત્મા છે’ તેના અનુભવમાં અનંતગુણોના નિર્મળ પરિણમનનો સ્વાદ ભેગો જ છે. જ્ઞાનમાત્ર વસ્તુને અનેકાંતવડે ઓળખનાર જીવ તે જ્ઞાનમાત્રભાવને રાગાદિથી ભિન્ન દેખે છે, ને પોતાના અનંતગુણના નિર્મળપરિણમનથી અભેદ દેખે છે. –આ રીતે ધર્મીના અનુભવમાં આત્મવસ્તુ સ્વયમેવ અનેકાન્તપણે પ્રકાશે છે. અને

તે જ વસ્તુ સર્વજ્ઞદેવે ઉપદેશી છે. અજ્ઞાનીને જ્ઞાનમાત્ર વસ્તુ અનેકાન્તપણે પ્રસિદ્ધ નથી, અનેકાન્તમય જ્ઞાનવસ્તુને તે ઓળખતો નથી, તેથી એવા જીવોને અનેકાન્તમય આત્મવસ્તુની ઓળખાણ કરાવવા અરિહંત ભગવાને અનેકાન્તવડે તેનો ઉપદેશ કર્યો છે.

## * મોહને હણવા માટે અરિહંતદેવે ઉપદેશેલું અમોઘ-સાધન એટલે અનેકાંત *

જગતમાં જીવરૂપ ને અજીવરૂપ અનંત પદાર્થો છે; તેઓ બધા પોતપોતાના સ્વરૂપમાં સત્ છે, ને બીજાના સ્વરૂપે તેઓ સત્ નથી–અસત્ છે. તેમાં આ જ્ઞાનમાત્ર પોતાની આત્મવસ્તુ છે તે પોતાપણે સત્ છે, ને અન્ય પર પદાર્થોરૂપે તે અસત્ છે. આ રીતે આત્મવસ્તુ પ્રસિદ્ધ થાય છે. જેમ આત્મા પોતાપણે છે તેમ જો પરપણે પણ આત્મા હોય તો તેનું સ્વરૂપ જ નક્કી ન થઈ શકે, એટલે પરથી ભિન્ન તેનો અનુભવ જ ન થઈ શકે. આત્મા પોતાના ચેતન–ગુણ–પર્યાયોરૂપે પરિણમે છે, તેમ જો જડના કે પરના ગુણ–પર્યાયરૂપે પણ તે પરિણમે, તો આત્માનું કોઈ સ્વરૂપ જ સિદ્ધ ન થાય. પણ જ્ઞાનમાત્ર આત્મવસ્તુ પોતાના જ્ઞાન સાથે તન્મય વર્તતા આત્માના અનંત ધર્મો સાથે પરિણમે છે, ને પરથી તે ભિન્ન પરિણમે છે,–આ રીતે પોતાના સ્વરૂપથી જ અનેકાન્તસ્વરૂપે આત્મા પ્રકાશે છે. અનેકાન્તવડે આવા જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવવો તે ભગવાન અર્હંતદેવનું અમોઘ શાસન છે, તે મોહને હણીને ભગવાન આત્માને સત્ય સ્વરૂપે પ્રસિદ્ધ કરે છે.

## * જ્ઞાનનો અનુભવ-એ જ અરિહંતમાર્ગની ઉપાસના *

અહો, વસ્તુસ્વરૂપ કોઈ અલૌકિક છે; તે અનેકાન્ત–જ્ઞાનવડે જ પ્રસિદ્ધ થાય છે, –અનુભવમાં આવે છે. અહો, જ્ઞાનમાત્ર ચેતનભાવને લક્ષમાં લેતાં તો આખો ચૈતન્ય–ભગવાન લક્ષ્યપણે પ્રસિદ્ધ થાય છે. આવા આત્માને જાણતાં પરભાવથી ભિન્ન જ્ઞાનનું પરિણમન થયું તે જ સાચો વૈરાગ્ય છે, તે જ્ઞાનમાં પરમ અનાકુળતારૂપ આનંદ પણ છે, તેમાં પવિત્રતા પણ છે, તેમાં ઇન્દ્રિયોથી પાર એવું અતીન્દ્રિયપણું છે–સ્વસંવેદનપ્રત્યક્ષપણું છે,–એમ અનંત ચૈતન્યધર્મો એકસાથે જ્ઞાનભાવરૂપ પરિણમી રહ્યા છે.–આ જ અનેકાન્ત છે; ને આ જ સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ એટલે કે જિનશાસન છે. આવા અનેકાન્તમય વસ્તુસ્વરૂપને સમ્યગ્જ્ઞાની જ જાણે છે. અહો, વીરનાથનું અનેકાન્તશાસન કોઈ અદ્ભુત પરમ ગંભીરતાથી ભરેલું છે. કોઈપણ પડખેથી તેને નક્કી કરવા જતાં જ્ઞાન પરથી નાસ્તિપણું કરીને, અંતરમાં અનંતગુણથી ભરપૂર સ્વભાવની અસ્તિમાં પ્રવેશી જાય છે, એટલે શુદ્ધતારૂપે તેનું પરિણમન થાય છે.–આ જ

આત્માને સાધવાની રીત છે, આ જ મોક્ષમાર્ગ છે, ને આ જ અરિહંતમાર્ગની ઉપાસના છે.

## * અનેકાન્તની અજબ તાકાત *

અરિહંતદેવે બતાવેલા અનેકાંતસ્વરૂપ આત્માને જાણતાં તેમાં સ્વભાવનો, પુરુષાર્થનો, નિયતિનો, સ્વકાળનો અને કર્મના અભાવરૂપ નિમિત્તનો–એમ એકસાથે મોક્ષના પાંચે સમવાયનો નિર્ણય થઈ જાય છે. જ્યારે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને નક્કી કરીને જ્ઞાન પોતે જ્ઞાનરૂપ થઈને પરિણમ્યું ને અન્ય મિથ્યાત્વાદિ ભાવરૂપ ન પરિણમ્યું ત્યારે જ્ઞાનનો જેવો સ્વભાવ હતો તેવો પર્યાયમાં નક્કી થયો. પર્યાય સ્વસન્મુખ પુરુષાર્થરૂપ પરિણમી, સ્વકાળમાં તેને સમ્યક્ત્વાદિ શુદ્ધપર્યાયોનો ક્રમ હતો તે શરૂ થયો. તેના જ્ઞાનપરિણમનમાં કર્મનો અભાવ વર્તે છે અને ત્યાં તેને યોગ્ય નિમિત્તો દેવ–ગુરુ વગેરે હોય છે, વિપરીત નિમિત્ત હોતાં નથી;–આમ એકસાથે વર્તતા પાંચેનો સાચો નિર્ણય તેને જ થાય છે કે જે અનેકાન્તમય જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તે–રૂપે પોતાને અનુભવે છે. જ્ઞાનમય અનેકાન્તની કોઈ અજબ તાકાત છે. જ્ઞાનમાત્ર આત્મવસ્તુના સ્વીકાર વગર પુરુષાર્થનો,સ્વભાવનો, મોક્ષનો, અરિહંતનો કે નિયતિ વગેરેનો ખરો સ્વીકાર થઈ શકતો નથી. ભાઈ, એકવાર તું જ્ઞાનસ્વભાવી આત્માને તો નક્કી કર, તેમાં બધું આવી જશે. જ્ઞાનમાત્ર ભાવમાં આત્માના બધા ધર્મો અસ્તિરૂપ છે, ને સમસ્ત પરપદાર્થોથી તેને નાસ્તિપણું છે.–તેમાં પુરુષાર્થ વગેરે અનંત સ્વધર્મો સમાઈ જાય છે. ધર્મીના જ્ઞાનઅનુભવમાં તે બધા અભેદપણે સમાઈ જાય છે. આવા અનેકાન્તમય જ્ઞાનનો અનુભવ તે 'અમૃત' છે,–અમૃત અમર–એવી મોક્ષદશાનું તે કારણ છે. અનેકાન્તની તાકાત અજોડ છે.

## * અનેકાન્ત-અમૃત, તે આત્માનું જીવન છે. *

અહો, જ્ઞાનલક્ષણ આત્માને તેના સાચા સ્વરૂપે પ્રસિદ્ધ કરે છે, તે કોઈ દોષ (અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિ) રહેવા દેતું નથી; અનંતગુણનું પરિણમન જ્ઞાનભાવમાં સમાયેલું છે, પણ તેમાં પરનો કોઈ અંશ કે વિકારનો કોઈ અંશ આવતો નથી. જ્ઞાનનું જે સ્વરૂપ છે તેને અજ્ઞાની જાણતો નથી, અને જે જ્ઞાનનું સ્વરૂપ નથી તેને તે જ્ઞાનનું સ્વરૂપ માને છે, એવો અજ્ઞાની–એકાન્તવાદી જીવ, પરથી ભિન્ન જ્ઞાનરૂપે પોતાને નહિ અનુભવતો થકો, ને પરરૂપે પોતાને માનીને અજ્ઞાનભાવરૂપે જ પોતાને અનુભવતો થકો સંસારમાં રખડે છે ને મોહથી દુઃખી થાય છે. એવા જીવોને અરિહંતદેવનું

શાસન અનેકાન્તવડે ઉગારે છે; એટલે અનેકાંત તે અમર જીવન આપનારું અમૃત છે.

## * અહો, અનેકાન્ત પ્રકાશીને અરિહંતદેવે મહા ઉપકાર કર્યો છે *

અરિહંતદેવે એવું વસ્તુસ્વરૂપ બતાવ્યું છે કે હે જીવ! જ્ઞાનસ્વરૂપે તારું સત્પણું છે, પણ જ્ઞાનથી ભિન્ન એવા પરજ્ઞેયોરૂપે તારું સત્પણું નથી, ને તારામાં કોઈ પરજ્ઞેયનો પ્રવેશ નથી. પરજ્ઞેયોને જાણતાં પણ તું પોતાને જ્ઞાનરૂપે જ દેખ; જ્ઞેયરૂપે ન દેખ. તારી જ્ઞાનસત્તા સ્વતંત્ર જીવંત છે; તેને બદલે તેને જ્ઞેયરૂપે માનીને તું તારી સ્વાધીન જ્ઞાનસત્તાનો નાશ ન કર. જ્ઞાનમાં જણાતાં પરજ્ઞેયો તે હું–એમ અનુભવનાર અજ્ઞાનીને જ્ઞેયથી ભિન્ન એવા જ્ઞાનરૂપે પોતાનું અસ્તિત્વ વેદનમાં આવતું નથી એટલે તેની મિથ્યાશ્રદ્ધામાં આત્મતત્ત્વ નાશ પામે છે. પણ અનેકાન્તનું સ્વરૂપ તેને સાચા સ્વરૂપે પ્રકાશીને જીવંત રાખે છે. અહો, અનેકાન્ત તો આત્માનું જીવન છે. મોક્ષમાર્ગી જીવ અનેકાંતવડે આત્માને જાણીને મોક્ષને સાધે છે. તેનું સ્વરૂપ બતાવીને અરિહંતદેવે અને વીતરાગસંતોએ જગત ઉપર પરમ ઉપકાર કર્યો છે. અનેકાન્તનું સાચું સ્વરૂપ જાણે તેને સ્વ–પરનું ભેદજ્ઞાન થયા વિના રહે નહિ; ને ભેદજ્ઞાન થાય તેને મોક્ષ થયા વગર રહે નહિ. આ રીતે મોક્ષના માર્ગમાં અનેકાન્ત પોતાને દ્રઢપણે સ્થાપિત કરે છે.

## * ધર્મીનું જ્ઞાન સ્વયમેવ અનેકાન્તપણે પ્રકાશે છે *

અનેકાન્તવડે આત્મસ્વરૂપને લક્ષમાં લઈને જે જીવ પરિણમ્યો તે જીવને જ્ઞાનનું જ્ઞાનપરિણમન થયું; તે જ્ઞાનપરિણમનમાં રાગાદિનો અભાવ છે, જડનો અભાવ છે, પણ આત્માના આનંદ વગેરે અનંત ધર્મોનો કાંઈ તેમાં અભાવ નથી, તે અનંત ધર્મોનું સમ્યક્પરિણમન તો જ્ઞાન સાથે જ છે. શ્રદ્ધાપણે–આનંદપણે–વીતરાગતાપણે જ્ઞાન જ અનુભવાય છે; તે કોઈ કાંઈ જ્ઞાનથી ભિન્ન નથી. માટે જ્ઞાન જ સ્વયમેવ અનેકાન્તસ્વરૂપે પ્રકાશે છે.

## * જ્ઞાનના અનુભવમાં અપૂર્વ આત્મલક્ષ્મીની પ્રાપ્તિ; અનેકાન્તમાર્ગનો કોલકરાર *

જ્ઞાનપણે પ્રકાશતો ને જ્ઞાનપણે અનુભવાતો તે હું છું. જ્ઞાનથી ભિન્નપણે જણાતા–અનુભવાતા કોઈ ભાવો તે હું નથી.–આમ અનેકાન્તવડે જ્ઞાનમાત્ર ભાવપણે આત્માની પ્રસિદ્ધિ તે આત્માનું સાચું જીવન છે. 'જ્ઞાન' માં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે

આવી જાય છે. ક્રમે પ્રવર્તતા તેમજ અક્રમે પ્રવર્તતા એવા અનંત ગુણ–પર્યાયો, તે બધાય ‘જ્ઞાનમાત્ર’ ભાવમાં સમાઈ જાય છે, પણ તે જ્ઞાનમાત્ર ભાવમાં રાગાદિ ભાવો સમાતા નથી;–આ રીતે જ્ઞાનમાત્ર આત્માને શુદ્ધપણું છે. તે રાગાદિભાવો જ્ઞાનના જ્ઞેયપણે છે, પણ જ્ઞાનમાં તન્મયપણે નથી, જુદાપણે છે. આવા ભિન્ન જ્ઞાનનો અનુભવ તે ધર્માત્માની અપૂર્વ લક્ષ્મી છે, ને તે લક્ષ્મી જગતમાં સર્વોત્કૃષ્ટ એવી કેવળજ્ઞાનલક્ષ્મીને (અનંત ગુણના વૈભવસહિત) દેનારી છે.–આવા જ્ઞાનસ્વભાવ સાથે એકતાનો સંબંધ જેણે જોડયો તેણે રાગ સાથે કે નિમિત્ત સાથે એકતાનો સંબંધ તોડયો. એટલે સ્વાશ્રયે અનંતગુણોની શુદ્ધતારૂપ પરિણમન થવા માંડયું,–એ જ મોક્ષમાર્ગ છે, એ જ ભગવાન અર્હંતદેવનું શાસન છે. ભગવાન કહે છે કે આવા અનેકાંતવડે સ્વ–પરને ભિન્ન જાણીને, અને જ્ઞાનલક્ષણથી આત્માને લક્ષિત કરીને અંતરમાં જા...તો તને જરૂર કેવળજ્ઞાનાદિ અનંતગુણના વૈભવરૂપ સ્વરૂપ–લક્ષ્મી પ્રાપ્ત થશે...થશે ને થશે!–એ અનેકાન્તમાર્ગનો કોલકરાર છે.

## * જ્ઞાનમાં છ કારકની તાકાત *

અહો, એક જ્ઞાનના અનુભવમાં તો અનંત ગુણની ગંભીરતા છે; પોતાના કર્તા–કર્મ–સાધન–આધાર વગેરે છએ કારકો પણ તેમાં એકસાથે આવી જાય છે,–એવી જ્ઞાનની શક્તિ છે. એટલે આવી જ્ઞાનશક્તિવાળા આત્માને જે અનુભવે, તે બહારના કોઈ કારણને શોધે નહીં. સ્વાશ્રયે જ છ કારકરૂપ થઈને આત્મા સ્વયમેવ કેવળજ્ઞાનાદિરૂપે પરિણમે છે.

અહો, ભગવાન! આપનું અનેકાન્તશાસન અલૌકિક ફળ દેનાર છે.

જય અનેકાન્ત 卐 જય મહાવીર

* * * * *

ચૈતન્યના સાધક જીવોએ વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્રની મંગલ છાયામાં એક માત્ર આત્મહિતના ઉપાયમાં પરમ જ્ઞાન–વૈરાગ્યપૂર્વક સતત પ્રવર્તવું યોગ્ય છે; અને તેના ફળમાં જે અદ્ભુત પરમ શાંતિ વેદાય છે તે પરમ તૃપ્તિકર છે.

# મોક્ષમાર્ગી જૈન-શ્રાવક કેવો હોય?

સાગરવાળા શેઠશ્રી ભગવાનદાસ શોભાલાલજીની વિનંતીથી પૂ. ગુરુદેવે શ્રી તારણસ્વામીના અધ્યાત્મસાહિત્ય ઉપર કુલ ૨૫ પ્રવચનો કર્યાં છે, તેમાંથી ૧૬ પ્રવચનો 'અષ્ટપ્રવચન' ના બે પુસ્તકરૂપે છપાઈ ગયા છે; ને બાકીનાં પ્રવચનોનું ત્રીજું પુસ્તક તૈયાર થઈ રહ્યું છે; તેમાંથી કેટલોક નમૂનો અહીં આપ્યો છે. પ્રવચનો અત્યંત સુગમ શૈલીના હોવાથી સર્વે જિજ્ઞાસુઓને ઉપયોગી છે; ને તેમાં જૈન–શ્રાવક કઈ રીતે મોક્ષમાર્ગ સાધે છે તેનું સુંદર વર્ણન છે. (અષ્ટ પ્રવચનનો બીજો ભાગ માત્ર હિંદીમાં છપાયેલ છે; ગુજરાતીમાં છપાવવાની જેમની ભાવના હોય તેમણે લેખકનો સંપર્ક સાધવો.)

શરૂઆતમાં, કેવળજ્ઞાનદ્રષ્ટિથી સમસ્ત વિશ્વને દેખનારા મહાવીર પરમાત્માને, તેમજ વ્યક્ત–પ્રસિદ્ધ છતાં અરૂપી એવા શુદ્ધ સિદ્ધભગવંતોને નમસ્કાર કરીને મંગળ કર્યું છે. જુઓ, અરૂપી સિદ્ધ ભગવંતોનું અને અરિહંત ભગવંતોનું આવું સ્વરૂપ શુદ્ધ જૈનમાર્ગ સિવાય બીજે ક્યાંય હોતું નથી. શ્રાવકને શુદ્ધ જૈનમાર્ગ સિવાય બીજાની શ્રદ્ધા સ્વપ્ને પણ હોય નહિ. પહેલાં ચોથેગુણસ્થાને આત્માની અનુભૂતિસહિત સમ્યગ્દર્શન થાય છે, પછી પાંચમા ગુણસ્થાને આત્માની વિશેષ શુદ્ધતા સહિત શ્રાવકનાં વ્રતાદિનું આચરણ હોય છે;–એવો જૈનધર્મનો ક્રમ છે. માટે જેઓ પોતાનું હિત ચાહતા હોય તેઓ કુમાર્ગ છોડી, વીતરાગ જૈનમાર્ગના સેવન વડે આત્માને ઓળખીને શુદ્ધ સમ્યગ્દર્શન કરો અને પછી શ્રાવકનાં વ્રતાદિનું આચરણ કરો, એમ સંતોનો ઉપદેશ છે.

## * 'જૈન'પણું ક્યારે? મોક્ષમાર્ગમાં પ્રવેશ ક્યારે? *

આત્માનો સ્વભાવ જેવો છે તેવો જાણીને શુદ્ધ દ્રષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. દેહાદિ સંયોગ, રાગાદિભાવ કે ઇન્દ્રિયજ્ઞાન એમાં આત્મબુદ્ધિ છોડીને શુદ્ધદ્રષ્ટિથી અસંયોગી શુદ્ધ–પૂર્ણાનંદમય ચૈતન્યસ્વરૂપ આત્મા ધર્મીને અંતરમાં દેખાય છે.–આવા આત્માને

દેખનાર જીવ જૈન છે, આવા આત્માને દ્રષ્ટિમાં લીધા વગર 'જૈન' માં નંબર આવતો નથી. સમ્યગ્દર્શન થાય ત્યારે જ જૈનત્વ શરૂ થાય છે; તેને ભલે હજી વ્રતાદિ ન હોય તોપણ તે જીવ મોક્ષમાર્ગમાં દાખલ થઈ ગયો છે.

તે અવ્રતી શ્રાવક શુદ્ધ સમ્યગ્દર્શનસ્વરૂપ પોતાના આત્માને દેખે છે. આત્માને દેખનારી આવી શુદ્ધદ્રષ્ટિ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે; તેમાં રાગ ન આવે. ચોથાગુણસ્થાને આવું સમ્યગ્દર્શન થયું ત્યારથી તે જીવ મોક્ષસન્મુખ થયો, ને સંસારદુઃખથી પરાંગ્મુખ થયો. દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવો તેનાથી જુદો પડીને, ભેદજ્ઞાનવડે ચૈતન્ય–સ્વરૂપના આનંદનો સ્વાદ તેણે ચાખી લીધો, ત્યાં સંસાર દુઃખોથી તે પરાંગ્મુખ થઈ ગયો, તેની પરિણતિનો પ્રવાહ મોક્ષસુખ તરફ ચાલ્યો.

## * મોહને જીતીને મોક્ષસન્મુખ થયો તે સાચો જૈન *

જુઓ, આ 'જૈન' નું સ્વરૂપ! સાચો જૈન કયારે કહેવાય? તેની આ વાત છે. જેને હજી વ્રત નથી, ચારિત્ર નથી, પણ શુદ્ધઆત્માની દ્રષ્ટિ વર્તે છે, ને જે વીતરાગ દેવ–ગુરુનો ભક્ત છે, તે પ્રથમ શરૂઆતનો જૈન છે; અવ્રતી હોવા છતાં તે ધર્મી છે, તે મોક્ષનો પથિક છે. તે સ્વભાવસુખની સમ્મુખ થયો છે ને સંસારદુઃખથી વિમુખ વર્તે છે. જેને સમ્યગ્દર્શન નથી તેને પરમાર્થ જૈનપણું નથી કેમકે તેણે મોહને જીત્યો નથી.

'–જીતે તે જૈન.' કોને જીતે?–મોહને. કોણ જીતે?–સ્વભાવસન્મુખ થયેલો જીવ. બહારમાં જીવને કોઈ શત્રુ નથી, પણ અંતરમાં મિથ્યાત્વ–અજ્ઞાન–રાગદ્વેષમોહરૂપ પોતાનો ભાવ શત્રુ છે, તેને સમ્યક્ત્વાદિ શુદ્ધભાવ વડે જીતવો, નષ્ટ કરવો તે સાચું જૈનપણું છે. આવા જૈનત્વની શરૂઆત સમ્યગ્દર્શન વડે થાય છે. અંતરમાં આત્માનો અચિંત્ય મહિમા જાણી, તેની સન્મુખ વળીને સમ્યગ્દર્શન પામવાની તૈયારીવાળા જીવે જ્યાં ત્રણ કરણ વડે મોહનો નાશ કરવા માંડયો ત્યાં તેને 'જિન' કહી દીધો છે. આવી દશા વગર એકલા બાહ્ય આચરણથી જૈનમાં નંબર આવતો નથી. ભાઈ, આત્મજ્ઞાન વગર તું વ્રતાદિ શુભાચરણ કરીશ તો તેથી પુણ્ય બંધાશે પણ કાંઈ ભવથી તારો છૂટકારો નહિ થાય. મિથ્યાત્વસહિતની શુભક્રિયાઓ તો મોક્ષથી પરાંગ્મુખ છે, ને સંસારની સન્મુખ છે, અને રાગથી પાર ચૈતન્યતત્ત્વને દેખનાર ધર્મી જીવ સમ્યગ્દર્શન વડે મોક્ષની સન્મુખ છે ને સંસારથી પરાંગ્મુખ છે.

ધર્મીને આત્માના સુખનું વેદન હોય છે. સંસારની ચાર ગતિથી પાર, મોક્ષના અતીન્દ્રિયસુખનો સ્વાદ ધર્મી જીવે ચાખી લીધો છે. જે સુખ ઇન્દ્રના કે ચક્રવર્તીના પણ બાહ્ય વૈભવમાં નથી તે અપૂર્વ સુખ ચૈતન્યના શ્રદ્ધા–જ્ઞાનમાં ધર્મીને નિરંતર વર્તે છે.

## * જૈન થયો તે જિનદેવ સિવાય બીજા માર્ગને માને નહિ *

સમ્યગ્દર્શન થતાં ધર્મીને સિદ્ધસમાન પોતાનો શુદ્ધઆત્મા પ્રતીતમાં–દેખવામાં –શ્રદ્ધામાં–જ્ઞાનમાં ને સ્વાનુભવમાં સ્પષ્ટ આવી જાય છે; ત્યારથી તેની ગતિ–પરિણતિ વિભાવોથી વિમુખ થઈને સિદ્ધપદ–સન્મુખ ચાલી, તે મોક્ષમાર્ગી થયો. પછી જેમ જેમ શુદ્ધતા અને સ્થિરતા વધતી જાય છે તેમ તેમ શ્રાવકધર્મ અને મુનિધર્મ પ્રગટે છે. શ્રાવકપણું–મુનિપણું તે આત્માની શુદ્ધદશામાં રહે છે, તે કાંઈ બહારની ચીજ નથી. હજી તો જૈનધર્મમાં તીર્થંકરદેવે મોક્ષમાર્ગ કેવો કહ્યો છે તેની પણ ખબર ન હોય, ને વિપરીતમાર્ગમાં જ્યાં–ત્યાં માથું ઝુકાવતો હોય, એવા જીવને તો જૈનપણું કે શ્રાવકપણું હોતું નથી. જૈન થયો તે જિનવરદેવના માર્ગ સિવાય બીજાને સ્વપ્નેય માને નહીં.

કોઈ કહે કે આત્મા એકાંત શુદ્ધ છે ને તેને વિકાર કે કર્મનો કાંઈ સંબંધ છે જ નહિ,–તો તે વાત સાચી નથી. આત્મા દ્રવ્યસ્વભાવથી શુદ્ધ છે પણ પર્યાયમાં તેને વિકાર પણ છે. તે વિકાર પોતાની ભૂલથી છે ને સ્વભાવના ભાન વડે તે ટળી શકે છે, ને શુદ્ધતા થઈ શકે છે. વિકારભાવમાં અજીવકર્મો નિમિત્ત છે, વિકાર ટળતાં તે નિમિત્ત પણ છૂટી જાય છે. આ પ્રમાણે દ્રવ્ય–પર્યાય, શુદ્ધતા–અશુદ્ધતા, નિમિત્ત–એ બધાનું જ્ઞાન બરાબર કરવું જોઈએ. તે જાણીને શુદ્ધ આત્માની દ્રષ્ટિ કરનાર જીવ સમ્યગ્દ્રષ્ટિ છે.

## * સમ્યગ્દ્રષ્ટિને નવ તત્ત્વની શ્રદ્ધા *

જગતમાં અનંતા આત્માઓ સ્વયંસિદ્ધ, કોઈના કર્યા વગરના સદાય છે. એકેક આત્મા સ્વતંત્ર પોતાના અનંત ગુણ–પર્યાય સહિત છે. કોઈ કહે કે આત્માને પર્યાય ન હોય, એ તો બહારથી વળગી છે;–તો તે વાત ખોટી છે. ભાઈ, પર્યાય પણ આત્માનું સ્વરૂપ છે, તે આત્માનો એક સ્વભાવ છે; સિદ્ધમાંય પર્યાય તો છે, પર્યાયને કાંઈ છોડી દેવાની નથી પણ તેમાં વિકાર છે તે છોડવાનો છે. શુદ્ધ–આનંદમય નિર્વિકાર પર્યાય તે તો આત્માનું સ્વરૂપ છે.

* ચેતનસ્વરૂપ આત્મા, પોતાના ગુણ–પર્યાયસહિત વસ્તુ તે જીવતત્ત્વ.

* તેની પર્યાયમાં મિથ્યાત્વાદિ અશુદ્ધતા તે પુણ્ય–પાપ–આસ્રવ ને બંધતત્ત્વ.

* તે અશુદ્ધતામાં નિમિત્તરૂપ પુદ્ગલકર્મ તે અજીવતત્ત્વ.

* સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રવડે અશુદ્ધતાનો તેમજ કર્મનો નાશ અને શુદ્ધતાનું પ્રગટવું તે સંવર–નિર્જરા–મોક્ષતત્ત્વ.

આ રીતે સમ્યગ્દ્રષ્ટિને નવે તત્ત્વોનો સ્વીકાર હોય છે. નવ તત્ત્વમાં ભૂતાર્થ–સ્વરૂપ શુદ્ધ આત્મા છે તેની અનુભૂતિ તે સમ્યગ્દર્શન છે. નામથી ભલે કોઈને નવતત્ત્વ આવડે કે ન આવડે, પણ તેના ભાવોનું જેવું સ્વરૂપ છે તેવું તે સમ્યગ્દ્રષ્ટિના જ્ઞાનમાં ને શ્રદ્ધાનમાં નિરંતર વર્તે છે. અજીવના કોઈ અંશને તે જીવરૂપે સમજતો નથી, કે રાગના કોઈ અંશને તે સંવર–નિર્જરા–મોક્ષરૂપે વેદતો નથી. નવે તત્ત્વના ભાવ જેવા છે તેવા જ તેને વેદાય છે, વિપરીત વેદાતા નથી. આવું તત્ત્વાર્થશ્રદ્ધાન દરેક સમ્યગ્દ્રષ્ટિને જરૂર હોય છે.

આત્મા પોતાના સહજ સ્વભાવથી રાગી–દ્વેષી કે મોહી નથી, સહજ સ્વભાવથી તો તે વીતરાગી દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ છે; અને તે જ પરમાર્થ જીવતત્ત્વ છે; તે જીવ જ્યારે પોતાના સાચા સ્વભાવને ભૂલીને અજ્ઞાનથી પોતાને રાગરૂપે કે શરીરરૂપે અનુભવે છે ત્યારે તેમાં અજીવ કર્મ નિમિત્ત છે; તેના સંબંધથી જીવની પર્યાયમાં પુણ્ય–પાપ–આસ્રવ ને બંધ ભાવોની ઉત્પત્તિ થાય છે, તે બધા ક્ષણિક અશુદ્ધ ભાવો છે, ને તે સંસારનું કારણ છે, તે જીવ જ્યારે અજીવથી અત્યંત ભિન્ન પોતાના સહજ જ્ઞાનસ્વરૂપને અનુભવે છે ત્યારે તેની પર્યાયમાં સમ્યક્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધભાવો એટલે કે સંવર–નિર્જરા–મોક્ષરૂપ ભાવો પ્રગટે છે. ત્યારે તેને કર્મનો નિમિત્તસંબંધ પણ છૂટી જાય છે. જૈનદર્શન–અનુસાર નવ તત્ત્વનું આવું સાચું સ્વરૂપ ઓળખતાં સમ્યગ્દર્શન થાય છે.

## * આત્મવસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે. *

આત્મા દ્રવ્ય–પર્યાયસ્વરૂપ વસ્તુ છે તે પણ આમાં આવી જાય છે. વસ્તુને જો એકાંત દ્રવ્યસ્વરૂપ નિત્ય માને ને અનિત્ય–પર્યાયરૂપ ન માને, અથવા એકલી પર્યાયરૂપ માને ને દ્રવ્યરૂપ ન માને,–તો નવતત્ત્વ કે આત્મવસ્તુ કંઈપણ સિદ્ધ ન થાય માટે દ્રવ્ય–પર્યાય–સ્વરૂપ વસ્તુ જેમ છે તેમ શ્રદ્ધા–જ્ઞાનમાં લેવી જોઈએ.

## * જીવ અને અજીવ બંનેની ક્રિયાનું અત્યંત જુદાપણું *

નવતત્ત્વને જાણીને સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાના ચિદાનંદ સ્વભાવને લક્ષમાં લ્યે છે; તેને મિથ્યાત્વાદિ કર્મપ્રકૃતિનો અભાવ થઈ ગયો, તે અજીવની ક્રિયા અજીવમાં છે, તે ક્રિયા–પરિણતિ કાંઈ જીવની નથી, જીવે તેને કરી નથી, જીવથી તે જુદી છે. અને સમ્યગ્દર્શનાદિ ક્રિયા–પરિણતિ થઈ તે જીવની ક્રિયા જીવમાં છે, જીવ તેનો કર્તા છે, જીવથી તે જુદી નથી. તે કાંઈ કર્મપ્રકૃતિએ કરી નથી. આ જીવ અને અજીવ બંનેનું પરિણમન જુદું સ્વતંત્ર પોતપોતામાં છે. જીવના ઉત્પાદ–વ્યય–ધ્રુવ જીવમાં છે, અજીવના ઉત્પાદ–વ્યય–ધ્રુવ અજીવમાં છે.

જુઓ, આ વસ્તુસ્વરૂપ! સત્ વસ્તુ ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે. તેના ઉત્પાદ–વ્યય –ધ્રુવ પોતાથી જ છે ને પરથી નથી. આવું સત્ વસ્તુનું જ્ઞાન થતાં ભેદજ્ઞાન થાય છે એટલે પરમાં કર્તૃત્વબુદ્ધિ ઊડી જાય છે, ને સ્વસન્મુખ પરિણમન થાય છે. આ રીતે વસ્તુસ્વરૂપનું ભેદજ્ઞાન તે વીતરાગતાનું કારણ છે. વસ્તુસ્વરૂપના જ્ઞાન વગર રાગ–દ્વેષ કદી છૂટે નહિ.

અહો, આવી વાત સર્વજ્ઞદેવના જૈનમાર્ગ સિવાય બીજે ક્યાં છે? જૈનમાર્ગને અને અન્ય માર્ગને કાંઈ મેળ નથી, જૈનમાર્ગને અને અન્ય માર્ગને જેઓ સરખાં ગણે છે તેઓને તો અજ્ઞાનની તીવ્રતા છે. બાપુ! જૈનમાર્ગને જાણ્યા વગર તને જૈનપણું કે શ્રાવકપણું કેવું? જૈનમાર્ગમાં જેવી સ્વતંત્રતા ને પૂર્ણતા બતાવી છે તેવી બીજે ક્યાંય નથી બતાવી. તત્ત્વના આવા વીતરાગીસ્વરૂપને જાણીને શ્રદ્ધા કરતાં જીવને અપૂર્વ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે, ચૈતન્યના અપૂર્વ સુખનું તેને વેદન થાય છે, ને તે જીવ સંસાર–દુઃખથી વિમુખ થઈ જાય છે. આ રીતે આનંદની ઉત્પત્તિ ને દુઃખનો નાશ સમ્યગ્દર્શન વડે થાય છે. સમ્યગ્દર્શન થતાં સાચું જૈનપણું–ધર્મીપણું–મોક્ષમાર્ગીપણું શરૂ થાય છે.

## * સમ્યગ્દર્શન અને અવ્રતપણું-બંને સાથે હોઈ શકે છે *

આત્માના આનંદસ્વભાવનું ભાન થતાં ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને અવ્રતીપણું છે, છતાં ત્યાં શુદ્ધ આત્માની અનુભૂતિ અને આનંદનો સ્વાદ છે. આ રીતે તે સમ્યગ્દ્રષ્ટિને અવ્રતરૂપ ઔદયિકભાવ, અને સમ્યક્ત્વરૂપ ઔપશમિકાદિ ભાવ–એક સાથે હોય છે, પણ બંનેનું કાર્ય જુદું છે. અવ્રત તો બંધના કારણ તરીકે કામ કરે છે, ને

સમ્યગ્દર્શન તો મોક્ષના કારણ તરીકે કામ કરે છે. આમ એક સાથે હોવા છતાં બંનેની ભિન્નતા જાણવી. તેણે શુદ્ધ આત્માને જાણ્યો હોવા છતાં હજી પાંચ ઇન્દ્રિયના વિષયોના ભોગવટાનો અશુભભાવ પણ હોય છે, ત્યાં વ્રત નથી છતાં રાગથી ભિન્ન ચૈતન્યતત્ત્વનું ભાન એક ક્ષણ પણ ભૂલાતું નથી. વિષયોનો અનુરાગ હોવા છતાં તેનાથી ભિન્ન શુદ્ધ ચૈતન્યદ્રષ્ટિ ધર્મીને નિરંતર વર્તે છે. ચૈતન્યસુખ વિષયાતીત છે તે ચાખ્યું હોવાથી તેને વિષયોમાં સુખબુદ્ધિ તો થતી જ નથી, એટલે અનંતાનુબંધી રાગાદિ તો થતા જ નથી. માટે તેના રાગને અલ્પ જ કહ્યો છે.

## * એકલા સમ્યગ્દર્શનમાં મોક્ષમાર્ગ પૂરો થતો નથી. *

સમ્યગ્દર્શન થતાંવેંત બધો રાગ તે વખતે જ નીકળી જતો નથી. જો સમ્યગ્દર્શન થતાંવેંત રાગનો સર્વથા અભાવ થઈ જાય ને મોક્ષ થઈ જાય તો પછી મોક્ષમાર્ગનો કે મોક્ષમાર્ગના ઉપદેશનો જ અભાવ થઈ જાય; એટલે તીર્થની પ્રવૃત્તિ જ ન રહે. સમ્યગ્દર્શન પછી પણ જીવ અમુક કાળ સંસારમાં રહે છે ને મોક્ષમાર્ગને સાધે છે તથા તેનો ઉપદેશ આપે છે.–એ રીતે મોક્ષમાર્ગરૂપ તીર્થની પ્રવૃત્તિ છે. જોકે સમ્યગ્દર્શન થતાંવેંત શ્રદ્ધામાંથી તો બધો રાગ નીકળી ગયો ને શુદ્ધઆત્મા અનુભૂતિમાં આવ્યો, પણ હજી ચારિત્રની પર્યાયમાં અવ્રતાદિ સંબંધી રાગ છે તે ટાળવાનો બાકી છે, તેનું ધર્મીને જ્ઞાન છે; ને શ્રાવકધર્મ તથા મુનિધર્મની ઉપાસના વડે તે રાગ ટાળીને વીતરાગ થઈને કેવળજ્ઞાન પ્રગટ કરશે, ત્યારપછી મુક્તિ થશે. આ રીતે સમ્યગ્દર્શનનું અને મોક્ષમાર્ગનું સ્વરૂપ જેમ છે તેમ જાણવું જોઈએ. એકલા સમ્યગ્દર્શનમાં મોક્ષમાર્ગ પૂરો થઈ જતો નથી; સમ્યગ્દર્શન થતાં મોક્ષમાર્ગની શરૂઆત થાય છે, પણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે પૂરા થાય ત્યારે મોક્ષમાર્ગ પૂરો થાય છે. અહો, જૈનધર્મ અલૌકિક! ને તેમાં કહેલો મોક્ષમાર્ગ પણ અલૌકિક છે. ચોક્ખો માર્ગ, તેમાં રાગનો કોઈ કણ સમાય નહિ.

## * ત્રણે પ્રકારનાં સમ્યગ્દર્શન શુદ્ધ છે *

ત્રણ પ્રકારનાં સમ્યગ્દર્શનમાંથી ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક ગમે તે હો, તે ત્રણેય સમ્યગ્દર્શનમાં શુદ્ધઆત્મા જ ધ્યેયરૂપ છે, તેથી તે ત્રણે સમ્યગ્દર્શનને શુદ્ધ કહેવાય છે ને ત્રણે સમ્યગ્દર્શનને નિશ્ચય સમ્યગ્દર્શન કહેવાય છે. અવ્રતીને હજી રાગ હોવા છતાં વીતરાગસ્વભાવનો પ્રેમ તેને વર્તે છે, તેની ભાવના વર્તે છે; તેની દ્રષ્ટિ રાગથી ને વિષયોથી પરાંગ્મુખ છે, ને ચૈતન્યના સુખની સન્મુખ છે. તે

જીવ અલ્પકાળમાં સંસારનો છેદ કરીને મોક્ષસુખને સાધે છે. અવ્રતી સમ્યગ્દૃષ્ટિનેય આત્મસ્વરૂપમાં શંકાદિ કોઈ દોષ રહેતા નથી.

કોઈ સમ્યગ્દૃષ્ટિ–ધર્માત્મા તીર્થંકરપણે અવતરે, ત્રણ જ્ઞાન સહિત હોય ને ચક્રવર્તી પણ થાય, તેને હજારો રાણી વગેરે પુણ્યવૈભવ બહારમાં હોય, પણ અંદર જ્ઞાનચેતનામાં તેને જરાય અડવા દેતા નથી. ધર્મી શ્રાવકની દશા કોઈ અલૌકિક હોય છે, મુનિદશાની તો વાત શી કરવી? અરે, મિથ્યાદૃષ્ટિ જીવો પંચમહાવ્રત પામીને નવમી ગ્રૈવેયક સુધી ગયા, પણ રાગવગરના આત્માના સ્વાદ વગર તે જીવોને ખરેખર જૈનપણું ન થયું, કેમકે તેઓએ મિથ્યાત્વમોહને જીત્યો નહિ. સમ્યગ્દર્શન થયું ત્યારે અવ્રતી સમ્યગ્દૃષ્ટિ પણ સાચો જૈન થયો, તેણે મિથ્યાત્વમોહને જીતી લીધો; મોહનો નાશ કરીને સમ્યગ્દર્શન વડે તે જૈન થયો (એ લક્ષમાં રાખવું કે નવ ગ્રૈવેયકોમાં મોટા ભાગના જીવો તો સમ્યગ્દૃષ્ટિ જ છે, મિથ્યાદૃષ્ટિ જીવો તો થોડા છે, અને નવ ગ્રૈવેયેક પછી ઉપરના દેવલોકમાં તો બધા જીવો સમ્યગ્દૃષ્ટિ જ હોય છે.)

## * સમકિતી ભલે અવ્રતી...છતાં જીતેન્દ્રિય છે. *

જ્યાં અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવના વેદનપૂર્વક સમ્યગ્દર્શન થયું ત્યાં તે જીવ જીતેન્દ્રિય થયો; અવ્રતી હોવા છતાં તેને જીતેન્દ્રિય કહ્યો છે.–

જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જીતેન્દ્રિય તેહને.
(સમયસાર ગાથા ૩૧)

તે અવ્રતી સમ્યગ્દૃષ્ટિ જીતેન્દ્રિય જીવ સંસારદુઃખથી વિમુખ છે. હજી અવ્રતના રાગ–દ્વેષસંબંધી દુઃખનું વેદન તો છે, પણ તેની સાથે રાગથી પાર ચૈતન્યના અતીન્દ્રિયસુખનો અનુભવ પણ વર્તે છે; તે ચૈતન્યસુખના પ્રેમ પાસે સંસારદુઃખથી તે પરાંગ્મુખ છે. તેની રુચિનું જોર પલટીને, વિષયદુઃખોથી છૂટીને આત્માના અતીન્દ્રિય આનંદની સન્મુખ થયું છે. બહારમાં વિષયોની રાગપ્રવૃત્તિ દેખાય પણ અંતરની ચેતના તેનાથી અળગી છે.–

**સમ્યગ્દૃષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાળ,**
**(પણ) અંતરથી ન્યારો રહે, જયમ ધાવ ખેલાવે બાળ.**

જેમ ધાવમાતા બાળકને પ્રેમથી નવડાવે–ધવરાવે–બેટા કહીને બોલાવે, પણ

અંતરના અભિપ્રાયમાં તો દરેક પ્રસંગે તેને ખબર છે કે આ પુત્ર ખરેખર મારો નથી, એને જન્મ દેનારી માતા હું નથી; તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવ સ્ત્રી–પુત્રાદિ કુટુંબ પરિવાર વચ્ચે હોય, અવ્રતના રાગાદિમાં ને અશુભવિષયોમાં વર્તતા હોય, પણ અંતરમાં ચૈતન્યતત્ત્વને જ સ્વતત્ત્વ જાણીને તેમાં જ તન્મયતા વર્તે છે, તેમાંથી એક ક્ષણ પણ છૂટતા નથી. અંતરના અભિપ્રાયમાં તે નિરંતર જાણે છે કે હું તો ચેતનસ્વભાવી છું, આ રાગાદિ ભાવો તે કાંઈ મારા ચેતનસ્વભાવમાંથી ઉત્પન્ન થયેલા નથી, મારો ચેતનભાવ કાંઈ રાગનો જનક નથી. ને ચેતનભાવને બાહ્ય વિષયો સાથે કાંઈ લાગતું–વળગતું નથી. અહો, આવી અપૂર્વ ચૈતન્યપરિણતિની ધારા ધર્મીને નિરંતર વર્તે છે. તેને રાગમાં કે વિષયોમાં એકત્વભાવ ક્યારેય થતો નથી, તે નિરંતર જુદો ને જુદો રહે છે. વાહ રે વાહ! ધર્મીની દશા તો જુઓ!

## * સમ્યગ્દ્રષ્ટિની બે ધારા: એક ઉપાદેય, બીજી હેય *

પ્રશ્નઃ– જો સમ્યગ્દ્રષ્ટિને અવ્રતમાં દુઃખ લાગે છે તો તેને છોડી કેમ નથી દેતા?

ઉત્તરઃ– ભાઈ, એણે પોતાની ચેતનામાંથી તો તે છોડી જ દીધું છે. ધર્મી અવ્રતને દુઃખ જાણે છે ને તેની ચેતના રાગથી જુદી જ વર્તે છે; તે જ્ઞાનચેતના તો છૂટી જ છે, મુક્ત જ છે. પણ હજી ચૈતન્યમાં સ્થિરતાના વીતરાગી પરિણામ નથી એટલી અસ્થિરતા છે, ને એટલું દુઃખ પણ છે. ધર્મીને ચૈતન્યનું વીતરાગીસુખ પણ વર્તે છે, ને અવ્રતાદિનું દુઃખ પણ વર્તે છે,–આમ બંને ધારા ધર્મીને વર્તે છે; એને અજ્ઞાની ઓળખી શકતો નથી, એટલે તેને તો જ્ઞાની એકલો રાગ કરતા જ દેખાય છે, પણ જ્ઞાનીની રાગવગરની આનંદમય જ્ઞાનચેતના તેને દેખાતી નથી. જ્ઞાનીને બંને ધારા એકસાથે હોવા છતાં તેમાં ચૈતન્યસુખ ઉપાદેયપણે છે ને અવ્રતાદિનું દુઃખ હેયપણે છે. ચેતનામાં આવો વિવેક ધર્મીને નિરંતર વર્તે છે. તેની ચેતના સુખના વેદનમાં તન્મય વર્તે છે, ને દુઃખથી ભિન્ન પરાંગ્મુખ વર્તે છે. આ રીતે આનંદનો જ ભોગવટો તેની દ્રષ્ટિમાં છે.–આવા સમ્યગ્દ્રષ્ટિ–જૈન છે તે મોક્ષના સાધક છે.

“जय महावीर”

# પરમાગમની મધુરી પ્રસાદી

ભગવાનશ્રી વીરનાથપ્રભુના મોક્ષગમનનું આ અઢીહજારમું મંગલવર્ષ ચાલી રહ્યું છે; વીરપ્રભુની વીતરાગવાણીનો આનંદકારી પ્રવાહ કુંદકુંદાચાર્યદેવ વગેરે સંતોના પ્રતાપે અત્યારે ચાલી રહ્યો છે, ને આપણને પણ તેનો સ્વાદ શ્રીગુરુપ્રતાપે મળ્યો છે. વળી તે વીતરાગવાણીરૂપ પરમાગમો જેમાં કોતરાયેલા છે ને જેમાં મહાવીરપ્રભુ બિરાજમાન થવાના છે એવું પરમાગમ–મંદિર પણ આ વર્ષમાં તૈયાર થયું છે. તે પરમાગમની જે મધુરી પ્રસાદી ગુરુદેવ આપણને આપી રહ્યા છે તે આપ 'આત્મધર્મ' માં વાંચી રહ્યા છો. (સં.)

## જ્ઞાન સ્વસંવેદ્ય છે

* પરને જાણતી વખતે જાણનાર પોતે પોતાને જાણનાર–સ્વરૂપે અનુભવે છે, પર–રૂપે અનુભવતો નથી; આ રીતે જ્ઞાન પોતે સ્વસંવેદ્ય છે, પોતે પોતાથી જ પોતાને જાણે છે–અનુભવે છે. જ્ઞાનને પોતે પોતાને જાણવા માટે બીજા જ્ઞાનની જરૂર પડતી નથી.

* આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે જ્ઞાન સ્વસંવેદન–સ્વભાવવાળું છે, પોતે પરને જાણે છે ને પોતાને પણ જ્ઞાનસ્વરૂપે પ્રસિદ્ધ કરે છે–'હું જ્ઞાન છું' એમ પોતે પોતામાં વેદન કરે છે. બીજા બધા ગુણોને પણ જ્ઞાન જ પ્રકાશીને પ્રસિદ્ધ કરે છે. આવું જ્ઞાન પોતે રાગને કે જડને જાણતાં પોતાને રાગરૂપે કે જડરૂપે પ્રસિદ્ધ નથી કરતું, પણ પોતાને જ્ઞાનચેતનારૂપે જ પ્રસિદ્ધ કરે છે. તે જ્ઞાનમાં પોતાના આત્માના અનંત ધર્મો સમાય છે.

* જ્ઞાન સ્વસંવેદ્ય છે, તેને પોતાને પોતાનું સંવેદન કરવામાં વચ્ચે રાગનું –ઇન્દ્રિયોનું કે બીજા જ્ઞાનનું આલંબન નથી. આવા જ્ઞાનના સ્વસંવેદનમાં ભેગો આનંદ છે, વીતરાગતા છે, પ્રભુતા છે, સ્વચ્છતા છે–એમ અનંતધર્મો–સહિત જ્ઞાન અનુભવમાં આવે છે. આવું જ્ઞાન ભગવાન આત્માને પ્રસિદ્ધ કરે છે.

## * ધર્માત્મા તો છે-ધીરા...ગુણગંભીરા *

સમ્યક્ત્વવડે શુદ્ધ આત્માને અનુસરનારા આરાધક જીવો ધીર હોય છે, ધીરા–ગુણગંભીરા એવા તે જીવોએ પોતાની ધી=બુદ્ધિને સ્વભાવમાં પ્રેરી છે, ને સંસારથી પાછી વાળી દીધી છે; સ્વભાવસન્મુખ થયેલા તે જીવો શ્રદ્ધા–જ્ઞાન–આનંદ આદિ અનંતગુણથી ગંભીર છે,–અનંત ગુણનું પરિણમન તેમની જ્ઞાનધારામાં વર્તી રહ્યું છે.–આવું સમ્યક્ત્વનું આચરણ ચોથા ગુણસ્થાને પ્રગટ થાય છે, ને ત્યાં સંસાર મર્યાદામાં આવી જાય છે. તે જીવ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિજગુણની આરાધનાવડે કર્મોની નિર્જરા કરીને અલ્પકાળમાં મોક્ષ પામે છે.

## * ધર્માત્માને દુઃખ હોય કે ન હોય ? *

દોષ કહો–દુઃખ કહો કે મોહ કહો; જેમ દર્શનમોહ તે દોષ અને દુઃખ છે, તેમ ચારિત્રમોહ પણ દોષ અને દુઃખ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે નિર્મોહપરિણામ છે તેની આરાધના તે ગુણની આરાધના છે, તે નિર્દોષ છે, તે આનંદમય છે. ધર્મીને પણ જેટલા ચારિત્રમોહના દોષપરિણામ છે તેટલું દુઃખ જ છે, તેનું વેદન તેની અવસ્થામાં છે; ને તે જ વખતે સમ્યક્ત્વાદિ નિજગુણની જેટલી આરાધના છે તેટલું સુખ છે.–આમ સાધકને બંને ભાવોની ધારા ( એક સુખરૂપ ધારા, એક દુઃખરૂપધારા–એમ બંને ધારા ) એક પર્યાયમાં વર્તતી હોય છે. તેને જેમ છે તેમ જાણવી જોઈએ.

ધર્માત્માને એકલું દુઃખ ન હોય. જેટલી આરાધના છે તેટલું સુખ તો ધર્મીને નિરંતર વર્તે છે. પણ, સમ્યગ્દર્શન થયું એટલે પછી અસ્થિરતાના દોષનું–મોહનું પણ દુઃખ તેને હોય જ નહિ–એમ કોઈ કહે, તો તે બરાબર નથી. તેને પણ જેટલો મોહ છે તેટલો દોષ છે ને તેટલું દુઃખ પણ છે. અને તે વખતે જ રાગથી ભિન્ન, દુઃખથી ભિન્ન એવી જે જ્ઞાનચેતના તેને પરિણમી રહી છે તેટલું સુખ પણ તેને નિરંતર વર્તી રહ્યું છે. આવી આશ્ચર્યકારી સાધકદશા છે.

## * વસ્તુની શોભાઃ અનેકાન્તનો પ્રભાવ *

### ( અનેકાન્ત તે જીવનઃ એકાંત તે મરણ )

વસ્તુની શોભા પોતાના સ્વાધીન ધર્મો વડે છે. પોતાના અનંત ધર્મોથી પોતાનું અસ્તિત્વ તે વસ્તુની શોભા છે, અને તે વસ્તુને પોતાના સ્વાધીન ધર્મમાં ટકવા માટે કે પરિણમવા માટે અન્ય કોઈ વસ્તુની જરૂર નથી, તે જ વસ્તુની સ્વતંત્રતા છે, ને સ્વતંત્રતા તે જ સાચી શોભા છે.

વસ્તુનો કોઈ ધર્મ બીજાને આધીન હોય તો તેમાં વસ્તુની સ્વાધીનતા પણ નથી ને શોભા પણ નથી. ધર્મી તો જાણે છે કે ચેતનલક્ષણથી લક્ષિત હું, મારી ચેતનામાં જ મારા અનંત ધર્મોનું પરિણમન એકસાથે વર્તે છે. મારા પરિણમનમાં પરનો અભાવ સ્વયમેવ છે. એવો અનેકાન્તસ્વભાવનો પ્રભાવ છે.

અરે પ્રભુ! તારા દ્રવ્ય–ગુણ–પર્યાયમાં તારું સ્વાધીન–સ્વતંત્ર અસ્તિત્વ પણ તને ન ભાસે તો ભગવાન અર્હંતદેવના શાસનમાં આવીને તેં શું કર્યું? ભગવાન અર્હંતદેવનું શાસન તો વસ્તુને એવા અનેકાન્તસ્વરૂપે ઉપદેશે છે કે દરેક વસ્તુ પોતાના અનંત ધર્મના અસ્તિત્વ સહિત પોતામાં પરિણમે છે, પરમાં તે પોતાનું નાસ્તિપણું રાખીને પરિણમે છે. આમ સ્વાધીન અસ્તિત્વ ટકાવીને દરેક વસ્તુ પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં પરિણમે છે.–આવું અનેકાન્તમય વસ્તુસ્વરૂપ, સ્વ–પરની ભિન્નતા બતાવીને ભ્રમનો નાશ કરે છે ને જ્ઞાનસ્વરૂપે પોતાનો નિર્બાધ અનુભવ કરાવે છે.–આ જ આત્માનું જીવન છે. આવું જ્ઞાનમય સત્ય જીવન અનેકાંત વડે જ જીવાય છે. એકાંતવાદીને તો સ્વ–પરની ભિન્નતા જ ભાસતી નથી, એટલે સ્વ–પરની એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે, ત્યાં જ્ઞાન–આનંદમય સાચું જીવન ક્યાંથી હોય? તેથી કહે છે કે એકાંત તે ભાવમરણ છે, ને અનેકાન્ત તે ચૈતન્યમય જીવન છે.

## * સર્વ પ્રકારના પ્રયત્ન વડે આત્માને જાણો *

### વીરનિર્વાણ સં. ૨૫૦૦ * સૂત્રપ્રભાત ગા. ૧૬

જૈનશાસનમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અહો જીવો! અંતરના ઉદ્યમ વડે તમે આત્માને જાણો. આત્માને જાણ્યા વગર જે કોઈ શુભક્રિયાઓ છે તે

કરવા છતાં જીવ સંસારમાં ને સંસારમાં જ ભમે છે; શુભરાગની ક્રિયાઓ પણ અનિષ્ટ ફળવાળી છે. માટે હે જીવ! તું પ્રયત્નપૂર્વક આત્માનું સ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કર...તેના વડે તું મોક્ષને પામીશ.

જૈનશાસન તો સમ્યક્ત્વાદિ શુદ્ધ ભાવમાં છે, રાગમાં કે જડની ક્રિયામાં જૈનશાસન નથી. જૈનશાસનમાં ભગવાને મોહરહિત સમ્યક્ત્વાદિ શુદ્ધભાવને જ ધર્મ અને મોક્ષમાર્ગ કહ્યો છે, શુભરાગને જૈનશાસનમાં પુણ્ય કહ્યું છે, પણ તેને મોક્ષમાર્ગ નથી કહ્યો. શુભરાગ તે તો મોહનો અંશ છે, તે કાંઈ મોક્ષમાર્ગનો કે ધર્મનો અંશ નથી. માટે હે ભવ્ય! ભાવપૂર્વક તું શુદ્ધભાવને જાણ; પ્રયત્નવડે તું આત્માનું સ્વરૂપ જાણ...તેના વડે મોક્ષ થશે. આત્માને જાણ્યા વગર, શુભરાગની ક્રિયાઓ વડે કાંઈ મોક્ષ નહિ થાય, સંસારભ્રમણ જ થશે. માટે હે ભવ્ય! મોક્ષને અર્થે તું આત્માને જાણવાનો ઉદ્યમી થા.

મોક્ષનું કારણ તો શુદ્ધ આત્માના શ્રદ્ધા–જ્ઞાન–આચરણ છે, રાગ કાંઈ મોક્ષનું કારણ નથી. પહેલાં આત્માના સ્વરૂપનો વિચાર હોય કે હું જ્ઞાન છું; રાગ અને જ્ઞાન એક સ્વાદવાળા નથી પણ ભિન્ન સ્વાદવાળા છે;–આમ ભેદજ્ઞાનના વિચાર વખતે સાથે વિકલ્પ હોય છે, પણ ત્યાં આત્માને જાણવાનું કામ તો જ્ઞાન કરે છે. જ્ઞાનનું કામ વિકલ્પથી જુદું છે. તે જ્ઞાનના જોરે વિકલ્પથી ભિન્ન ચિદાનંદ આત્મા અનુભવમાં આવે છે. આ રીતે જ્ઞાનવડે આત્માને જાણીને તેની શ્રદ્ધા કરો. તેના વડે તમે શીઘ્ર મોક્ષને પામશો.

જેને મોક્ષ ઇષ્ટ હોય તેણે આત્માને ઇષ્ટ કરવો જોઈએ. આત્માને જે ઇષ્ટ કરે તે સર્વ પ્રયત્નથી આત્માને જાણે, તેની શ્રદ્ધા કરે, તેની અનુભૂતિ કરે. માટે હે મોક્ષાર્થી! આત્માને ઇષ્ટ કરીને તેમાં જ ઉદ્યમ જોડજે, તારા શ્રદ્ધા–જ્ઞાનને બીજે ક્યાંય રોકીશ મા. અરે, પ્રયોજનભૂત આત્માના જ્ઞાન–શ્રદ્ધાન વગર બીજા બાહ્ય આડંબરનું કે પુણ્યનું તારે શું કામ છે? જેનાથી મોક્ષની સિદ્ધિ ન થાય એવા તે બાહ્ય ભાવોનો પ્રેમ તું છોડ, ને ત્રિવિધે આત્માને જ ઇષ્ટ કરીને ઉદ્યમવડે તેને જ જાણ અને તેની શ્રદ્ધા કર. મોક્ષનું કારણ તો શુદ્ધભાવ છે, ને તે શુદ્ધભાવ તો આત્માને જાણવાથી જ થાય છે; માટે હે ભવ્ય મોક્ષને અર્થે તું પ્રયત્નથી આત્માને જાણ.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

સર્વે જિજ્ઞાસુઓને પ્રિય એવા આ વિભાગ દ્વારા અનેક અવનવી ચર્ચાઓ તેમજ જિજ્ઞાસુઓના વિચારો જાણીને આપને પ્રસન્નતા થશે. આપ પણ જિજ્ઞાસુભાવે આપના પ્રશ્નો, કે ચર્ચાઓ આ વિભાગ માટે મોકલી શકો છો. આત્મધર્મ માટે સંપાદકને યોગ્ય લાગે તે પ્રશ્નોના જવાબ અપાય છે.

## * સમયસારનું ફળ *

સમયસારના સાચા અભ્યાસનું ઉત્તમ ફળ શું છે?

આત્મા પોતે અતીન્દ્રિય આનંદમય સુખરૂપ થઈ જાય છે તે સમયસારનું મહા મંગળ ફળ છે. આત્મા પોતે પરમબ્રહ્મ, સકલ વસ્તુનો પ્રકાશક છે–તેનો આ શબ્દબ્રહ્મ (સમયસાર) વડે નિર્ણય કરીને, તેમાં ઠરતાં આત્મા પોતે પરમસુખરૂપે પરિણમે છે.–આવા મંગલ આશીર્વચનપૂર્વક આચાર્યદેવે સમયસાર પૂરું કર્યું છે.

## * સર્વાર્થ સિદ્ધિના દેવ *

'સર્વાર્થસિદ્ધિ' માં કેટલા દેવો હોય છે? સર્વાર્થસિદ્ધિમાં સંખ્યાત દેવો હોય છે.

સર્વાર્થસિદ્ધિ–વિમાન કેવડું છે?

તે આ જંબુદ્વીપ જેવડું જ છે, એટલે કે એક લાખ યોજન વ્યાસનું છે. આ માપ પણ એમ જ સૂચવે છે કે ત્યાં રહેનારા સર્વાર્થસિદ્ધ–દેવો સંખ્યાતા જ છે, અસંખ્યાતા નથી. અને તે બધા દેવો નિયમા સમ્યગ્દ્રષ્ટિ છે તથા એકાવતારી છે.

## * નિયમા અને ભજનીય *

'નિયમા' એટલે શું? અને 'ભજનીય' એટલે શું?

અમુક સ્થાને કોઈ વસ્તુ ચોક્કસ હોય જ–એવો નિયમ હોય તે 'નિયમા' કહેવાય. અને, અમુક સ્થાને કોઈ વસ્તુ હોય પણ ખરી, કે ન પણ હોય–એવી સ્થિતિને 'ભજનીય' કહેવાય છે.

તે બંનેનાં કેટલાંક દ્રષ્ટાંતોઃ–

(૧) જ્યાં કેવળજ્ઞાન હોય ત્યાં વીતરાગતા (નિયમા) હોય જ.

(૨) વીતરાગતા હોય ત્યાં કેવળજ્ઞાન ભજનીય છે–એટલે કે તે હોય, અથવા ન પણ હોય;

–જેમકે બારમા ગુણસ્થાને વીતરાગતા છે પણ કેવળજ્ઞાન નથી;

–તેરમા ગુણસ્થાને વીતરાગતા છે ને કેવળજ્ઞાન પણ છે.

(૩) સમ્યક્ચારિત્ર (મુનિદશા) હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ (નિયમા).

–કેમકે સમ્યગ્દર્શન વગર કોઈ જીવને મુનિદશા હોતી નથી.

(૪) સમ્યગ્દર્શન હોય ત્યાં મુનિદશા ભજનીય છે (–હોય અગર ન પણ હોય).–કેમકે ઘણાં જીવોને સમ્યગ્દર્શન હોવા છતાં મુનિદશા હોતી નથી.

(૫) રાગ હોય ત્યાં જીવ હોય જ (નિયમા).–કેમકે જીવના અભાવમાં ક્યાંય રાગ હોતો નથી.

(૬) જીવ હોય ત્યાં રાગ હોય કે ન પણ હોય (ભજનીય). જેમકે સિદ્ધદશામાં જીવ છે પણ રાગ નથી; અરિહંત ભગવાન જીવ છે પણ રાગ નથી.

(૭) કેવળજ્ઞાન હોય ત્યાં સંસારીપણું ભજનીય છે. જેમકે–

–અરિહંતોને કેવળજ્ઞાન છે ને સંસારીપણું છે,–સિદ્ધ ભગવંતોને કેવળજ્ઞાન છે પણ સંસારીપણું નથી.

(૮) સંસારીપણું હોય ત્યાં કેવળજ્ઞાન ભજનીય છે.–જેમકે–

–તેરમા–ચૌદમા ગુણસ્થાને સંસારીપણું છે ને કેવળજ્ઞાન પણ છે;

–નીચેના ગુણસ્થાનોમાં સંસારીપણું છે પણ કેવળજ્ઞાન નથી.

(૯) અરિહંતોને તીર્થંકરપ્રકૃતિનો ઉદય ભજનીય છે,–કોઈક અરિહંતોને તે હોય છે, ને કોઈકને નથી હોતો.

(૧૦) તીર્થંકરોને અરિહંતપણું નિયમા હોય છે...કેમકે બધાય તીર્થંકરો કેવળજ્ઞાનવડે અરિહંત થયા છે.

(૧૧) જીવને અસંખ્યપ્રદેશીપણું નિયમા હોય છે.

(૧૨) અસંખ્યપ્રદેશીપણામાં જીવપણું ભજનીય છે. (–કેમકે અસંખ્યપ્રદેશીપણું હોવા છતાં ધર્માસ્તિકાય વગેરેને જીવપણું નથી, તે અજીવ છે.)

અહીં નિયમા કે ભજનીય સંબંધમાં ૧૨ દાખલા આપ્યા. હવે તમારી સમજણ પાકી કરવા માટે, નીચેના દશ દાખલામાં પણ, તે નિયમરૂપ છે કે ભજનીય છે–તેનો વિચાર કરોઃ–

(૧) યોગનું કંપન હોય ત્યાં કેવળજ્ઞાન... (નિયમથી કે ભજનીય?)

(૨) કેવળજ્ઞાન હોય ત્યાં પંચેન્દ્રિયપણું.. (બરાબર વિચારીને કહેજો.)

(૩) સમ્યગ્જ્ઞાન હોય ત્યાં રાગ...

(૪) અરૂપીપણું હોય ત્યાં ચેતનપણું...

(૫) ચેતનપણું હોય ત્યાં અરૂપીપણું...

(૬) કેવળજ્ઞાન હોય ત્યાં પરમ ઔદારિકશરીર...

( ૭ ) જીવનું લોકવ્યાપકપણું...

( ૮ ) જીવમાં રાગ...

( ૯ ) જીવમાં જ્ઞાન...

( ૧૦ ) અયોગીપણું હોય ત્યાં કેવળજ્ઞાન...

( વિચાર કરીને ખાલી ભાગમાં જવાબ લખી રાખશો. સોનગઢ મોકલવાની જરૂર નથી. આવતા અંકમાં જવાબ છપાશે તેની સાથે મેળવી લેજો. )

## * મરુદેવીમાતા ક્યાં છે ? *

ઋષભદેવના માતાજી મરુદેવીનો જીવ અત્યારે કયાં છે ?

તે જીવ અત્યારે મોક્ષમાં છે.

સ્ત્રીને તો મોક્ષ નથી, તો મરુદેવીમાતા મોક્ષમાં કઈ રીતે ગયા ?

સ્ત્રીપર્યાયમાં મોક્ષ નથી એ સાચું, અને મરુદેવીનો જીવ અત્યારે મોક્ષમાં છે.–એ પણ સાચું જ છે; એટલું જ નહિ પણ અજિતનાથભગવાન મોક્ષ પધાર્યા ત્યાર પહેલાં અસંખ્ય વર્ષ પહેલાં માતા મરુદેવીનો આત્મા મોક્ષ પામ્યો છે. તે આ પ્રમાણે–પ્રથમ તો તીર્થંકરોના માતાજી નિયમથી મોક્ષગામી હોય છે. માતા મરુદેવી તે ભવે આરાધક થઈ, સ્ત્રીપર્યાયને છેદી સ્વર્ગના મહાન દેવ થયા, ત્યાંથી થોડાક સાગરોપમમાં નીકળી મનુષ્ય થઈ મુનિપણું લઈ મોક્ષ પામ્યા. એટલે ઋષભદેવ પછી થોડાક જ સાગરોપમ બાદ તેઓ મોક્ષ પામ્યા. જ્યારે અજિતનાથ ભગવાન તો ઋષભદેવ પછી પચાસ–



લાખ–કરોડ સાગરોપમ વીત્યા બાદ થયા; એટલે મરુદેવી માતાનો આત્મા, અજિતનાથ ભગવાનથી અસંખ્ય વર્ષ પહેલાં મોક્ષ પામ્યો છે. અત્યારે તે સિદ્ધાલયમાં સિદ્ધપણે બિરાજે છે.

તે સિદ્ધભગવંતને નમસ્કાર હો.

## * ઉત્તમ અવસર *

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે, આત્માને ઓળખવા માટે આ કેવો સમય છે ?

ભાઈ, આત્માને ઓળખવા માટે અને સમ્યગ્દર્શન પામવા માટે અત્યારે તને ઉત્તમ અવસર મળ્યો છે, આ ઉત્તમ અવસરને તું ચૂકીશ મા. આવો મજાનો જૈનધર્મ તને મળ્યો, આવા સુંદર દેવ–ગુરુ તને મળ્યા. તો સમ્યગ્દર્શન માટે આવો ઉત્તમ અવસર બીજો કયો છે? માટે મહાભાગ્યે આવો રૂડો અવસર પામીને તેને તું સફળ કરજે.

## * આત્માનો અદ્‌ભુતરસ કેવો છે ? *

આત્મામાં શ્રદ્ધા–જ્ઞાન–આનંદ વગેરે અનંતાગુણો એકસાથે સ્વાદમાં આવે છે તે જ અદ્‌ભુત રસ છે. દર્શન સામાન્યનું ગ્રાહક, જ્ઞાન વિશેષનું ગ્રાહક, બંને ગુણના કાર્યમાં ભેદ, છતાં અભેદઅનુભૂતિમાં તે બધા ગુણનો રસ એકપણે સ્વાદમાં આવે છે, અનંતગુણનો રસ સ્વાનુભૂતિમાં સમાય છે, તે જ અદ્‌ભુતરસ છે. સ્વાનુભવરસની અદ્‌ભુતતાને સમ્યગ્દ્રષ્ટિ જ જાણે છે.

*** આત્માનો નિર્ણય કેમ થાય ? ***

જે ચૈતન્યભાવનો નિર્ણય કરવાનો છે તેના જ અંશ વડે તેનો નિર્ણય થાય છે. જ્ઞાનાનંદસ્વભાવની સન્મુખ થઈને તેનો નિર્ણય કરતાં પર્યાયમાં તેના અંશનું વેદન થયું છે; જ્ઞાન–આનંદરૂપ થયેલો અંશ પૂર્ણ–જ્ઞાનાનંદસ્વરૂપનો નિર્ણય કરે છે. રાગ તે કાંઈ જ્ઞાનનો અંશ નથી, એટલે રાગવડે જ્ઞાનસ્વભાવનો નિર્ણય થતો નથી. અંતર્મુખી જ્ઞાન વડે જ જ્ઞાનસ્વભાવનો નિર્ણય થાય છે; તે અપૂર્વ છે.

*** નિર્ભય અને નિઃશંક કોણ છે ? ***

આત્માના સ્વભાવમાં જે નિઃશંક છે તેને ભય શો ?

અને જે નિર્ભય છે તેને શંકા શી ?

સમ્યગ્દ્રષ્ટિ જીવો સ્વરૂપમાં નિઃશંક છે, તેથી મરણાદિના ભયથી રહિત નિર્ભય છે, તેમને શંકા થતી નથી કે મારું મરણ થઈ જશે !

આવા સમ્યગ્દર્શનવડે મોક્ષનો ઉત્સવ ઉજવવા સૌ સાધર્મીઓ આવજો, –એમ શ્રીગુરુનું આમંત્રણ છે.

*** સમ્યક્ચારિત્ર અને સમ્યગ્દર્શન ***

* સમ્યક્ચારિત્રની કિંમત વધુ છે કે સમ્યગ્દર્શનની ?

સમ્યગ્દર્શન કરતાં પણ સમ્યક્ચારિત્ર વધુ પૂજ્ય છે.

* સમ્યક્ચારિત્રરૂપ મુનિદશા ક્યારે હોય ?

પહેલાં સમ્યગ્દર્શન હોય, પછી જ સમ્યક્ચારિત્રરૂપ મુનિદશા હોય.

* સમ્યગ્દર્શન ન હોય તો ?–તો સમ્યગ્દર્શન વગર ચારિત્રદશા કે મુનિપણું હોઈ શકતું નથી.

* સમ્યગ્દર્શન હોય પણ ચારિત્રદશા ન હોય તો ? –તો આરાધકભાવ ચાલુ રહે પણ મોક્ષ ન થાય.

* મોક્ષનું મૂળ કોણ છે ? –ચારિત્ર વિના મોક્ષ નથી, ને સમ્યગ્દર્શન વગર ચારિત્ર નથી; એટલે મોક્ષનું મૂળ સમ્યગ્દર્શન છે.

* સમ્યગ્દર્શન ક્યારે થાય ? અરિહંતદેવના શુદ્ધઆત્માનું સાચું સ્વરૂપ ઓળખે, તેમના કહેલા જૈનધર્મને બરાબર ઓળખે, અને જૈનદર્શનમાં કહેલા આત્માના શુદ્ધસ્વરૂપને ઓળખે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

* સમ્યગ્દર્શનની કિંમત કેટલી ? અહો, એના મહિમાની શી વાત ! સિદ્ધ ભગવંતોના અતીન્દ્રિયસુખની જાત જેણે ચાખી લીધી છે અને અનાદિકાળના વિકારભાવોથી જે જુદું પડી ગયું છે–તે સમ્યગ્દર્શન ચૈતન્યના અનંતગુણના સ્વાદથી ભરેલું છે, તેનો અપાર મહિમા

વિકલ્પાતીત છે–વચનાતીત છે, સમ્યગ્દર્શનનો પણ આવો મહિમા છે, તો સમ્યક્ચારિત્રના મહિમાની શી વાત! અવ્રતી સમ્યગ્દ્રષ્ટિ પણ આવો મહિમાવંત છે તો પછી સમ્યક્ચારિત્રવંત મુનિભગવંતના અપાર મહિમાનું તો શું કહેવું? અહો, તેમને નમસ્કાર હો...નમસ્કાર હો.

## * ધર્મનું બીજ અને ફળ *

* આત્મામાં ધર્મના બીજ વાવ્યાં તે કયારે ફળે?–અહા, ધર્મનું બીજ તો વાવ્યા ભેગું જ તે ફળે છે,–એ જ વખતે જીવને શાંતિના વેદનરૂપ ફળ આવે છે.

## * જ્ઞાનચેતના *

* ધર્મીને જ્ઞાનચેતના કયારે હોય? –નિરંતર હોય. ઉપયોગરૂપ જ્ઞાનચેતના ભલે કયારેક થાય, પણ રાગ અને જ્ઞાનની ભિન્નતાના વેદનરૂપ જ્ઞાનચેતના તો તેના અંતરમાં નિરંતર પરિણમી જ રહી છે.

* જ્ઞાનીને કર્મચેતના અને કર્મફળચેતના હોય?

હા,–બે પ્રકારે હોયઃ–

(૧) જ્ઞાનાદિની શુદ્ધતારૂપ જે શુદ્ધકાર્ય થયું છે તેના અનુભવરૂપ શુદ્ધકર્મચેતના જ્ઞાનીને હોય છે; તેમજ તેના ફળરૂપ આનંદનું વેદન છે, એવી શુદ્ધકર્મફળચેતના પણ જ્ઞાનીને છે. આ રીતે જ્ઞાનીને શુદ્ધ કર્મચેતના તથા શુદ્ધકર્મફળચેતના હોય છે. (આ કર્મચેતના તથા કર્મફળચેતના મોક્ષનું કારણ છે.) (૨) હજી જ્ઞાનીને પણ જેટલા રાગાદિભાવો થાય છે તેટલી અશુદ્ધકર્મચેતના છે, તથા જેટલું હર્ષ–શોકનું વેદન છે તેટલી અશુદ્ધકર્મફળચેતના પણ છે. (આ કર્મચેતના તથા કર્મફળચેતના બંધનું કારણ છે.)

* સાધકદશામાં આવી બંને (શુદ્ધ તથા અશુદ્ધ) ચેતના હોય છે.

* અજ્ઞાનીને એકલી અશુદ્ધ કર્મચેતના તથા કર્મફળચેતના હોય છે.

* વીતરાગને એકલી શુદ્ધ કર્મચેતના તથા કર્મફળચેતના હોય છે.

**વીરનાથના નિર્વાણના આ અઢીહજારમા વર્ષમાં જ્ઞાનચેતનાનું આરાધન કરીને વીરનાથના નિર્વાણમાર્ગમાં ચાલો.**

---

એક શુદ્ધિઃ– આત્મધર્મના ગતાંકમાં (પાનું ૧૧ લાઈન ૧૩ માં) શરતચૂકથી એક ભૂલ રહી ગઈ છે તે સુધારીને વાંચવા વિનતિ છે. ભૂલ પ્રત્યે ધ્યાન ખેંચનાર મુમુક્ષુઓના આભારી છીએ. ‘જ્ઞાનને સ્વ તરફ ન વાળે તો જ’ એમ છપાયેલ છે તેને બદલે ‘જ્ઞાનને સ્વ તરફ વાળે તો જ’ એમ વાંચવું.

# અનેકાન્તનો ચમત્કાર

## ( સમયસાર ૧૪ બોલના પ્રવચનમાંથી )

* ગુરુદેવ વારંવાર કહે છે કે અહો, અનેકાન્ત તે જૈનસિદ્ધાંતનો પ્રાણ છે.

* અનંતગુણની ગંભીરતા અનેકાન્તમાં ભરી છે.

* ‘જ્ઞાન’ લક્ષણ છે તે અનેકાન્તસ્વરૂપ આત્માને પ્રસિદ્ધ કરીને સાચું જીવન જીવાડે છે.

* અનેકાન્તમાં ચૈતન્યના વીતરાગી અમૃતનો સ્વાદ છે.

* ‘હું જ્ઞાન છું’ એવી અસ્તિના વેદનમાં, ‘જ્ઞાનથી વિરુધ્ધ અન્ય ભાવોરૂપે મારું જ્ઞાન નથી’ એમ નાસ્તિધર્મનું વેદન પણ આવી જાય છે. આ રીતે વસ્તુ સ્વયમેવ અનેકાન્તપણે પ્રકાશે છે.

* જ્ઞાનથી વિરુધ્ધ અન્ય ભાવોની નાસ્તિ જો ન આવે તો જ્ઞાનની અસ્તિનો પણ નિર્ણય સાચો નથી.

* ‘જ્ઞાન’ કહેતાં જ્ઞાન સાથેના શ્રદ્ધા–અસ્તિત્વ–આનંદ–પ્રભુતા વગેરે અનંત ધર્મો તો અનેકાન્તના બળે તેમાં આવી જાય છે; એટલે આત્માને ‘જ્ઞાનમાત્ર’ કહેતાં પણ એકાંત થઈ જતું નથી, ત્યાં પણ અનેકાન્તપણું સ્વયમેવ પ્રકાશે જ છે.

* જ્ઞાન લક્ષણ એવું નિર્દોષ છે કે તે આત્માને આત્મારૂપે પ્રસિદ્ધ કરે છે, ને પરભાવોથી આત્માને ભિન્ન રાખે છે.

* જ્ઞાનની પોતાની તાકાત છે કે પોતાને તેમજ પરજ્ઞેયોને પણ જાણે; પરંતુ ત્યાં પરજ્ઞેયો તો પરપણે છે, જ્ઞાનપણે તે નથી. જ્ઞાન સ્વયં પોતાને જ્ઞાનપણે પ્રકાશે છે, જ્ઞેયપણે તે પોતાને પ્રસિદ્ધ નથી કરતું.–આવી ભિન્નતાનું ભાન તે જ અનેકાન્ત છે; તે જૈનધર્મની નિશાની છે.

* અસંખ્યપ્રદેશી તારું જ્ઞાનક્ષેત્ર તે એક અખંડ છે, તે સ્વક્ષેત્રમાં પરક્ષેત્રનો પ્રવેશ નથી; જ્ઞાન સ્વક્ષેત્રથી બહાર નીકળીને પરક્ષેત્રમાં જતું નથી; તેમજ જ્ઞાનનું એક સ્વક્ષેત્ર અનેક જ્ઞેયો દ્વારા કાંઈ છિન્નભિન્ન થઈ જતું નથી.

* જ્ઞાન જ્ઞાનના સહારે છે, જ્ઞાન જ્ઞેયના સહારે નથી. અહો, અનેકાન્તમાં તો સ્વાધીનતા છે, નિર્ભયતા છે, પોતાથી જ પૂર્ણતા છે.

* એકાંતમતમાં સ્વ–પરની ભેળસેળરૂપ દગો છે; અનેકાંતમાર્ગ તો નિર્દોષ માર્ગ છે, તે સ્વ–પરની જરાપણ ભેળસેળ કરતો નથી.

* જ્ઞાનમાં એકપણું તેમજ અનેકપણું બંને સ્વભાવો એક સાથે વર્તે છે; એ જ રીતે જ્ઞાનમાં ( જ્ઞાનસ્વરૂપ આત્મામાં ) નિત્યપણું ને અનિત્યપણું બંને સ્વભાવધર્મો એકસાથે વર્તે છે; તેમાંથી એકપણ સ્વભાવને કાઢી નાંખી શકાય નહિ.

* જ્ઞાનનું સત્પણું એટલે કે આત્માનું જીવન, કોઈ બીજાના કારણે નથી. પણ સ્વયમેવ પોતે જ સત્ છે. બીજાપણે તો જ્ઞાન અસત્ છે. બસ, આવું સત્–અસત્પણું નક્કી કરનાર જ્ઞાની પોતાના સ્વતત્ત્વમાં જ દ્રષ્ટિ મુકે છે. જ્યાં પોતાની અસ્તિ નથી ત્યાં દ્રષ્ટિ કોણ મુકે? આ રીતે અનેકાન્તનું ફળ સ્વસન્મુખતા છે; સ્વસન્મુખતામાં વીતરાગતા છે, ને વીતરાગતાનું ફળ મોક્ષ છે.

* પરક્ષેત્રમાં રહેલા અનંત જ્ઞેયપદાર્થોને જાણવા છતાં જ્ઞાન તો પોતાના સ્વક્ષેત્રમાં જ રહેલું છે, જ્ઞાન સ્વક્ષેત્રથી બહાર જરાય ગયું નથી. ગમે તેટલા દૂરના પદાર્થને જાણે પણ જ્ઞાન કાંઈ આત્માથી દૂર જતું નથી; તે તો અભિન્નપણે આત્માના સ્વક્ષેત્રમાં જ છે. જ્ઞાનનું અને આત્માનું ક્ષેત્ર કદી જરાય જુદું નથી, ને પરવસ્તુ આત્માના સ્વક્ષેત્રમાં કદી આવતી નથી.

* જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવા માટે નજર અંદર પોતાના સ્વક્ષેત્રમાં થંભે છે, કાંઈ બહારમાં નજર લંબાતી નથી; આ રીતે સ્વક્ષેત્રમાં જ જ્ઞાનનું અસ્તિત્વ છે, ને પરક્ષેત્રમાં તેનું નાસ્તિત્વ છે,–જ્ઞાનમાં આવું અસ્તિ–નાસ્તિપણું સ્વભાવથી જ છે.–એનું નામ અનેકાન્ત.

* જ્ઞાન અને જ્ઞેય બંનેનું પરિણમન જુદું–જુદું પોતપોતાના સ્વકાળમાં જ છે. પરજ્ઞેયનું પરિણમન જ્ઞાનમાં આવતું નથી, ને જ્ઞાનનું પરિણમન પરજ્ઞેયમાં જતું નથી. સ્વપરિણમનમાં ઉત્પાદ–વ્યય થાય તેથી કાંઈ જ્ઞાનનો નાશ થઈ જતો નથી. જ્ઞાન તો પોતાના સ્વકાળમાં પરિણમ્યા જ કરે છે. જ્ઞેયોનો નાશ થતાં અજ્ઞાની પોતાનો નાશ માની લ્યે છે, તેને જ્ઞેયોથી પોતાનું ભિન્ન પરિણમન બતાવીને અનેકાન્ત જીવંત રાખે છે.

* જ્ઞાનનું જીવન કાંઈ પરજ્ઞેયના અવલંબને નથી; એટલે જ્ઞેયના નાશથી જ્ઞાન કાંઈ નાશ પામતું નથી; જ્ઞાન તો પોતાના જ્ઞાનસ્વભાવના આધારે જ પરિણમતું થકું જીવંત વર્તે છે.–આવા જ્ઞાનને ધર્મીજીવ અનેકાન્તદ્રષ્ટિથી દેખે છે, એટલે પર્યાયનો પલટો થવા છતાં તેને પોતાના નાશની શંકા નથી, ભય નથી.

* અનેકાંતરૂપ પ્રાણવગરનું તો બધું મડદા સમાન છે અર્થાત્ મિથ્યા છે. અનેકાન્ત તે સમ્યક્ જીવન છે, તેમાં પરથી ભિન્ન પોતાના અનંત ચૈતન્યભાવો સહિત આત્મા સત્પણે વેદાય છે, ને સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદ વગેરે પ્રગટે છે.

* જ્ઞાનનું સત્પણું જ્ઞાનભાવથી છે, જ્ઞાનનું સત્પણું રાગભાવમાં નથી. જ્ઞાનભાવપણે આત્મા છે ને રાગાદિ પરભાવપણે આત્મા નથી–એવું અપૂર્વ ભેદજ્ઞાન અનેકાન્તના બળે જ થાય છે. જ્ઞાન તે જ્ઞાન છે, ને જ્ઞાન તે રાગ પણ છે–એમ અનુભવાતું નથી. જ્ઞાનના અનુભવમાં રાગનો અનુભવ નથી, ને રાગના વેદનમાં જ્ઞાનનું વેદન નથી,–એમ બંનેનું સ્વરૂપ તદ્દન જુદું છે, તેથી ઓળખાણ તે અનેકાન્ત છે, તે ભગવાન અરિહંતદેવનું શાસન છે.

* નિત્યપણું અને અનિત્યપણું–એ બંને ધર્મો પણ જ્ઞાનમાં એકસાથે વર્તે જ છે. જ્ઞાનમાંથી અનિત્યતા કાઢી નાખવા માંગે, તો એકાંત નિત્ય જ્ઞાન પણ રહી શકે નહિ. ટકવું અને પરિણમવું, એટલે નિત્યપણું તેમજ અનિત્યપણું–એવું અનેકાંતપણું તે જ્ઞાનનું સ્વરૂપ જ છે.

* અનંતધર્મોથી ભરેલા આવા અનેકાન્તમય જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખતાં ભગવાન આત્મા સ્વાનુભૂતિમાં અનંત નિર્મળ ભાવો સહિત પ્રસિદ્ધ થાય છે. આવી આત્મપ્રસિદ્ધિ તે મહાવીર પ્રભુનો માર્ગ છે.

(–જય મહાવીર)

## “-અમર આતમરામ હું”

નિજ આત્મને જાણ્યા વિના બહુ દુઃખને પામ્યો અરે,
સિદ્ધસુખને ઝટ પામવા નિજભાવના ભાવું હવે.
સંતો કરે છે ધ્યાન જેનું પરમ જ્ઞાયક ભાવ હું,
કદી મરણને પામું નહીં, છું અમર આતમરામ હું.

# અહો, અરિહંતોનું અતીન્દ્રિયસુખ ! તેને શ્રદ્ધનાર નીકટભવ્ય છે.

**બંધ-મોક્ષ તે જીવનાં પરિણામ છે;**
**મોક્ષમાં કે બંધમાં જીવ પોતે એકલો છે.**
**પર્યાય એ કાંઈ બહારનો વળગાડ નથી.**
**અહો, જૈનદર્શનની અદ્‌ભુતતા ન્યારી છે!**

અહો, જૈનમાર્ગમાં સર્વજ્ઞદેવે કહેલું જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ ઓળખીને જેણે, અનંતકાળમાં નહિ કરેલ એવું અપૂર્વ સમ્યગ્દર્શન કર્યું તે જીવ ભગવાનના માર્ગમાં આવ્યો, તે સંસારથી પરાંગ્મુખ થઈને મોક્ષના માર્ગમાં આવ્યો. ત્યાં એકલું સમ્યગ્દર્શન નથી, તેની સાથે તો આનંદ, વીતરાગતા, અતીન્દ્રિયતા ને મોક્ષસુખનો નમૂનો છે, ચૈતન્યના અનંતગુણનો રસ સમ્યગ્દ્રષ્ટિની અનુભૂતિમાં ઘોળાય છે. જીવના એકસમયના શુદ્ધ પરિણામમાં અનંત ગુણના રસનો સ્વાદ છે, એ જ તેની અદ્‌ભુતતા છે.

મોક્ષ કે સંસાર તે જીવનાં પરિણામ છે, તે કાંઈ જીવથી બહાર નથી. શુદ્ધતાની પૂર્ણતા તે મોક્ષ; અંશે શુદ્ધતા તે મોક્ષમાર્ગ; અને અશુદ્ધપરિણામ તે સંસાર છે. જીવનો સંસાર કાંઈ શરીર–કર્મ–મકાન–પૈસા વગેરે અજીવમાં નથી રહેતો; જીવના અશુદ્ધભાવમાં જ જીવનો સંસાર છે; મિથ્યાત્વ–રાગ–દ્વેષાદિ ભાવો તે જ સંસાર છે. એ જ પ્રમાણે અંતર્મુખ પરિણતિ થતાં સમ્યગ્દર્શનાદિ શુદ્ધપરિણામ થાય છે તેમાં મોક્ષમાર્ગ અને મોક્ષ રહે છે, તે ક્યાંય બહારમાં નથી રહેતા, કે બહારથી નથી આવતાં, જ્યાં પોતાના આત્માનું સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમન થયું ત્યાં આત્મા પોતે જ મોક્ષમાર્ગરૂપ અને મોક્ષરૂપ થયો. ભાઈ, તારા સંસારની કે મોક્ષની બધી રમત તારા દ્રવ્ય–ગુણ–પર્યાયમાં છે, બહારમાં બીજા સાથે તારે કાંઈ લેવા–દેવા નથી.–આવો સ્વાધીન જૈનધર્મ છે.

દરેક દ્રવ્ય પરિણમનસ્વભાવી છે; જીવમાં પણ પરિણમનસ્વભાવ છે; તે સર્વથા સ્થિર નથી પણ પરિણમનશીલ છે. સમ્યગ્દર્શન પણ દ્રવ્યનાં પરિણામ છે ને સિદ્ધપદ

પણ દ્રવ્યનાં પરિણામ છે. વસ્તુમાં પરિણમન ન માને તેને તો મિથ્યાત્વ ટળીને સમ્યક્ત્વ થવાનો, કે સંસાર ટળીને મોક્ષ થવાનો અવકાશ જ નથી રહેતો. પરિણમન હોય તો જ એ બધું બની શકે. જીવનું અજ્ઞાન પરિણમન તે સંસાર છે; ચિદાનંદસ્વભાવની સન્મુખ થઈને જ્ઞાનપરિણમન (એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રરૂપ પરિણમન) થયું તે મોક્ષમાર્ગ છે, ને તેની પરાકાષ્ટા તે મોક્ષ છે. આમ આત્મા પોતે પોતાના પરિણમન સ્વભાવને લીધે પરિણમીને, પોતે બંધ કે મોક્ષરૂપે થાય છે, કોઈ બીજું તેના બંધ–મોક્ષને કરતું નથી. દ્રવ્ય–ગુણસ્વરૂપે આત્મા કાયમ એકરૂપ રહે છે ને પર્યાયરૂપે તે નવી–નવી અવસ્થારૂપે થયા કરે છે,–આવો તેનો અનેકાન્તસ્વભાવ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણે જ્ઞાનસ્વભાવના આશ્રયે થતા શુદ્ધ–વીતરાગી પરિણામ છે, તેના ફળરૂપ સિદ્ધદશા છે તે પણ આત્માના પરિણામ છે. સિદ્ધનેય પર્યાય હોય છે; પર્યાય તે કાંઈ વળગાડ કે ઉપાધિભાવ નથી, તે તો વસ્તુનો સ્વભાવ છે; તે વસ્તુથી જુદો પડે નહિ. વસ્તુ પોતે પરિણમનસ્વભાવી છે. પરિણમનસ્વભાવ વગર આત્મવસ્તુનો જ અભાવ થઈ જાય. પરિણામ વગરની કોઈ વસ્તુ હોય નહિ.

સંસારદશામાં પણ આત્મા એકલો જ પોતે પોતાની સંસારપર્યાયરૂપે પરિણમતો હતો, મોક્ષમાર્ગની દશામાં પણ આત્મા પોતે એકલો જ પોતાની સમ્યગ્દર્શનાદિ પર્યાયરૂપે પરિણમી રહ્યો છે, ને મોક્ષદશામાં પણ આત્મા એકલો જ પોતે પોતાના પૂર્ણ જ્ઞાન–આનંદરૂપ પર્યાયમાં પરિણમે છે.–આમ પરિણમનસ્વભાવવાળો આત્મા ત્રણેકાળે પરથી જુદો, પોતે પોતાની પર્યાયરૂપે પરિણમે છે. આત્માના આવા સ્વભાવને અજ્ઞાની ઓળખતો નથી, એટલે પોતાના બંધ–મોક્ષ તે પરને કારણે થવાનું માને છે. તે અજ્ઞાનીને મોક્ષની તો ખબર નથી, ને પોતાની સંસારપર્યાયની પણ ખબર નથી; શરીરાદિમાં તે પોતાનો સંસાર માને છે, પણ તે કાંઈ ખરેખર સંસાર નથી. સંસાર તો જીવની રાગ–દ્વેષ મોહરૂપ અશુદ્ધ પર્યાય છે. તેમજ ધર્મ અર્થાત્ મોક્ષમાર્ગ તે પણ ધર્મીજીવના શુદ્ધ પરિણામ (સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર) છે, તે કાંઈ શરીરની ચેષ્ટામાં નથી. આ રીતે મિથ્યાદ્રષ્ટિ જીવને પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુનું ભાન નથી, એટલે શુદ્ધ–તત્ત્વથી તે વિમુખ છે. તે કાં તો વસ્તુને પર્યાય વગરની એકાંત નિત્ય માને છે, કાં તો એકાંત ક્ષણિક માને છે, કાં તો શરીરાદિ જડ સાથે આત્માને એકમેક માને છે, કાં રાગને–પુણ્યને મોક્ષમાર્ગ તરીકે માને છે, એટલે તેની શ્રદ્ધા ને તેનું જ્ઞાન વસ્તુસ્વરૂપથી તદ્દન વિપરીત છે–મિથ્યા છે; અને મિથ્યા શ્રદ્ધા–જ્ઞાનપૂર્વકનાં શુભઆચરણ પણ મિથ્યા

જ હોય. સમ્યગ્દ્રષ્ટિનાં શ્રદ્ધા–જ્ઞાન વસ્તુસ્વરૂપને બરાબર અનુકૂળ હોય છે, દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ વસ્તુને તે જેમ છે તેમ બરાબર જાણે છે; દેહાદિની ક્રિયાને તે આત્માથી ભિન્ન જાણે છે, શુભરાગને પણ તે મોક્ષમાર્ગથી ભિન્ન જાણે છે; આ રીતે જડથી ને રાગથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યતત્ત્વને જાણીને તે ધર્મી જીવ મોક્ષની સન્મુખ વર્તે છે. અહો, મોક્ષસુખ તેની પ્રતીતમાં આવી ગયું છે, તેના શ્રદ્ધા–જ્ઞાન મોક્ષસુખને સ્પર્શી ગયાં છે, ને સંસારથી વિમુખ થઈ ગયાં છે.

પ્રવચનસારમાં શ્રી કુંદકુંદસ્વામી કેવળી ભગવંતોના અતીન્દ્રિયસુખ પ્રત્યે મહાન પ્રમોદથી કહે છે કે–અહો ! સર્વજ્ઞના અતીન્દ્રિયસુખને સાંભળતાં વેંત જે જીવ ઉત્સાહથી તેનો સ્વીકાર કરે છે તે નીકટ ભવ્ય છે, અને આવા અતીન્દ્રિયસુખને સાંભળીને પણ જે શ્રદ્ધતો નથી, તેના પ્રત્યે ઉત્સાહિત થતો નથી, ને ઇન્દ્રિયવિષયોને જ સુખ માને છે તે જીવ અભવ્ય છે, ચૈતન્યસુખની શ્રદ્ધા વગરનો તે જીવ સંસારમાં જ પરિભ્રમણ કરે છે ને દુઃખને જ અનુભવે છે. આત્માના સુખની શ્રદ્ધા વગર તેને સુખનો અનુભવ ક્યાંથી થાય ?

એવી જ રીતે ગાથા ૭૭માં કહે છે કે, પુણ્ય અને પાપ એ બંનેના ફળમાં ઇન્દ્રિયવિષયો જ છે, ને ઇન્દ્રિયવિષયોમાં જેઓ રમે છે તેઓ દુઃખી જ છે, તેમાં ( પાપમાં કે પુણ્યમાં ) ક્યાંય ચૈતન્યસુખ વેદાતું નથી, તેથી મોક્ષાર્થી–મુમુક્ષુને માટે તે બંનેમાં જરાય તફાવત નથી, બંને સરખાં જ છે; બંનેમાં સુખનો અભાવ છે. જે જીવ આમ નથી માનતો, અને પુણ્યમાં કે પુણ્યના ફળરૂપ ઇન્દ્રિયવિષયોમાં સુખ માને છે તે જીવ મિથ્યાત્વમોહથી ઘેરાયેલો થકો ઘોર સંસારમાં પરિભ્રમણ કરે છે. અને જે જીવ પુણ્ય તેમજ પાપ બંનેને વિભાવરૂપે સરખા જાણીને, તે બંનેથી જુદી જાતનો એવો શુદ્ધભાવ પ્રગટ કરે છે તે જીવ અલ્પકાળમાં વીતરાગ થઈને મોક્ષસુખને અનુભવે છે.

---

## * મને ગમે *

મને ગમે આતમરામ
કરું શાને બીજું કામ ?
તન–ધનમાં નહીં સુખનું નામ,
સુખ–શાંતિનું હું છું ધામ
જગ જાણે નહિ એનું નામ,
ગુરુ બતાવે સુખનું ધામ;
જેને સમજાયે આ ભેદ,
તેનો થાયે સંસાર છેદ.

# * ચૈતન્યસુખને બાહ્યવિષયોની અપેક્ષા નથી *

ચૈતન્યના આનંદની મીઠાશ જેણે ચાખી નથી તેને જ રાગમાં ને બાહ્યવિષયોમાં સુખ લાગે છે. બાહ્યવિષયો, પછી શુભનાં નિમિત્ત હો કે અશુભનાં નિમિત્ત હો, તેમાં ક્યાંય ધર્મી પોતાનું સુખ માનતા નથી. સમવસરણાદિ સંયોગો શુભનાં નિમિત્તો છે, સ્ત્રી આદિ સંયોગો અશુભનાં નિમિત્તો છે,–તેમાં કે તે તરફના રાગ ભાવમાં ક્યાંય ધર્મી સુખ માનતા નથી, એમાં સુખ છે જ નહિ; ચૈતન્યનું સુખ ચૈતન્યથી બહાર કેમ હોય? ચૈતન્યસ્વરૂપી આત્મા પોતે સ્વયમેવ સુખસ્વભાવી છે, સુખના સંવેદન માટે બહારના કોઈ પદાર્થની અપેક્ષા તેને નથી.

અહો, અતીન્દ્રિયજ્ઞાન, ને અતીન્દ્રિયસુખ તે તો આત્માનો પરમસ્વભાવ છે; એ સ્વભાવને જ્યાં અંતર્મુખ થઈને સ્વીકાર્યો ત્યાં પોતાનું સુખ પોતામાં વેદ્યું, તે ધર્મી હવે બહારમાં ક્યાંય સુખની કલ્પના કરે નહિ. અંદરમાં જ્ઞાનકળા જાગી ત્યાં ધર્મીની જ્ઞાનચેતના જગતના વિષયોથી વિરક્ત થઈ ગઈ. અહો, ચૈતન્યનું સુખ ચખાડનારા વીતરાગનાં વચનો ખરેખર અદ્‌ભુત છે, અમૃતથી પણ મીઠાં છે; તેનું રહસ્ય સમજતાં પરમ પ્રસન્નતા થાય છે ને આત્મામાંથી આનંદ ઝરે છે.

ચૈતન્યનું સુખ જાણ્યું ત્યાં ધર્મીની પર્યાયનો વેગ તે સુખ તરફ વળ્યો, ને સંસારનાં દુઃખોથી તેની પર્યાય પાછી વળી ગઈ, આનું નામ સંવેગ અને નિર્વેદ છે. સંસારથી પાછો ફરીને, સર્વે રાગથી પાછો વળીને, અંદર ચૈતન્યના સુખ તરફ, મોક્ષમાર્ગના વેગે ચડયો તેને હવે વિશેષ ભવ હોય નહિ, તે અલ્પકાળમાં મોક્ષ પામે છે.–ધર્મીની અંદરની દશા અલૌકિક, અતીન્દ્રિય હોય છે.

વીતરાગની વાણી મોહને કાપી નાંખવા માટે તલવારની તીખી ધાર જેવી છે–એક ઘાએ બે કટકા! એકકોર અતીન્દ્રિય ચૈતન્યસુખમય આત્મા, ને બીજીકોર સમસ્ત રાગ અને વિષયો–એમ બંનેનું સર્વથા ભેદજ્ઞાન કરાવીને જિનવચન વિષયોનું વિરેચન કરાવે છે ને ચૈતન્યસુખનો ઉત્સાહ જગાડે છે.–અહો, ચૈતન્યનું સુખ આપનારાં આવાં જિનવચનો મહાન ઉપકારી છે.

ચૈતન્યના વિષયાતીત સુખ પાસે ચક્રવર્તીપદના નિધાનની પણ કાંઈ જ કિંમત નથી. કોઈ ધર્માત્મા સ્ત્રી આદિના સંયોગ વચ્ચે બેઠો હોય છતાં ચૈતન્યના સુખ પાસે તેમાં સુખ જરાપણ માનતો ન હોય; ને કોઈ અજ્ઞાની સ્ત્રી આદિનો સંયોગ છોડીને

ત્યાગી થયો હોય છતાં ચૈતન્યના સ્વાદ વગર ઊંડેઊંડે તેને રાગમાં ને સંયોગમાં સુખનો અભિપ્રાય પડયો હોય; –જ્ઞાની અને અજ્ઞાનીના અંતરનો આ મોટો ફેર અજ્ઞાની બહારથી કઈ રીતે ઓળખશે? વીતરાગની વાણી સમજે અને વિષયસુખની રુચિ રહે તેમ બને નહિ. જ્યાં વિષયોમાં સુખબુદ્ધિ છે ત્યાં વીતરાગની વાણીનું જ્ઞાન નથી; અને જ્યાં વીતરાગની વાણીની સમજણ છે ત્યાં વિષયોમાં સુખબુદ્ધિ રહેતી નથી, ત્યાં તો ચૈતન્યનું અમૃત ઝરે છે. તેથી કહ્યું કે અહો, જિનવચન પરમ અમૃતરૂપ છે તે વિષય–સુખોનું વિરેચન કરાવનારાં છે; ને સર્વ દુઃખોનો ક્ષય કરાવીને આત્માને મોક્ષસુખ પમાડે છે.

આત્માના આનંદને ભૂલીને અજ્ઞાનીજીવ ક્યાંક ને ક્યાંક બાહ્ય વિષયોમાં (શુભમાં કે અશુભમાં) સુખ માનીને અટકી રહ્યો છે. પણ જ્યાં વીતરાગદેવનો મધુર ઉપદેશ સાંભળ્યો, તેનું ભાવભાસન થયું ત્યાં પરથી ભિન્નતા થઈને સ્વસન્મુખ એકતા થાય છે, એટલે અનાદિની વિષયોમાં સુખબુદ્ધિ છૂટી જાય છે ને ચૈતન્યના આનંદનો સ્વાદ આવે છે, આ જિનવચનનું ફળ છે. વીતરાગવચનનાં અમોઘબાણ મોહનો જરૂર નાશ કરે છે. અહો, વીતરાગની વાણી જેના હૃદયમાં બેઠી તેને અંદરથી ચૈતન્યના આનંદના ફૂવારા ઊછળે છે.

અહો, સર્વજ્ઞદેવના અમૃતરસ ભરેલાં વીતરાગવચનો! એ તો કાને પડતાં જ જીવને પાંચે ઇન્દ્રિયો પ્રત્યે ઉદાસીન કરીને, અતીન્દ્રિયસુખ પ્રત્યે ઉલ્લાસ્તિ કરે છે, એટલે સ્વસન્મુખતા કરાવીને પરસન્મુખતા છોડાવે છે...અંદર ચૈતન્યના અતીન્દ્રિયસ્વભાવમાં પ્રવેશ કરાવે છે. ભાઈ! તારે આનંદનો સ્વાદ લેવો હોય તો અંદરમાં તારા આનંદસ્વભાવ પાસે જા. પરવિષયો તરફ જતાં તો તને દુઃખ થશે.

ધર્મી જિનવચનથી સ્વસન્મુખ થઈને જાણે છે કે આનંદનું જે વેદન થયું તે હું જ છું; શુદ્ધપર્યાય અભેદપણે આત્મા જ છે; આનંદના અમૃતનો સ્વાદ આવ્યો ત્યાં આખો આનંદસ્વરૂપ આત્મા હું છું એમ ભાન થયું.–આવી સમ્યગ્દ્રષ્ટિની અપૂર્વ દશા છે.–તેની આનંદમય ચેતનામાં કર્મનું કર્તાપણું કે કર્મફળનું ભોક્તાપણું નથી. આવી જ્ઞાનચેતનાનો અપૂર્વ સ્વાદ તે જ પરમાગમની સાચી પ્રસાદી છે.

અહા, જે ચેતના રાગથી જુદી પડી તે જ્ઞાનચેતનામાં તો સર્વજ્ઞ પરમાત્મા બિરાજે છે, ત્રણકાળને જાણનારા સર્વજ્ઞ એની પ્રતીતમાં બિરાજે છે, એને સર્વજ્ઞનો વિરહ નથી. જગતમાં સર્વજ્ઞ સદાય સત્ છે, ત્રિકાળને જાણનારા સર્વજ્ઞનો વિરહ ત્રણકાળમાં નથી, અજ્ઞાની એને ઓળખતો નથી. જ્ઞાની એ સર્વજ્ઞનું સ્વરૂપ ઓળખીને

પોતે શુદ્ધ જ્ઞાનચેતનારૂપ પરિણમતો થકો સર્વજ્ઞતાને સાધે છે. અહો, જ્ઞાનસ્વભાવ! એમાં તો જગતનો નિયમ સમાઈ જાય છે. એવો સર્વજ્ઞ જ્ઞાનસ્વભાવ જેના હૃદયમાં બેઠો તે તો કેવળીપ્રભુનો પુત્ર થયો. અનંતકાળમાં નહિ આવેલો અપૂર્વ આનંદ તેને અનુભવમાં આવે છે.

અરે ભાઈ! અત્યારે જગતની જંજાળ છોડીને આત્માને સાધવાનો આ અવસર છે. જિનવરનો આવો મારગ...જેમાં કોઈ સન્દેહને સ્થાન નથી, તેને મહા ભાગ્યે પામીને તું આત્માના હિતમાં લાગ. દુનિયાના જીવો ચાહે માને–ન માને, એની સાથે તારે કાંઈ સંબંધ નથી. અરે, દુનિયા દુનિયા પાસે રહી, તું તારા આત્મા પાસે આવ...તારો આનંદ તારા આત્મામાં છે, દુનિયા પાસે કાંઈ તારો આનંદ નથી.

અહો, સમયસાર તો સમયસાર છે...આચાર્યદેવે અનુભવના આનંદરસ એમાં રેડયા છે. સર્વજ્ઞ અને ગણધરોએ જે આનંદ અનુભવ્યો, વીતરાગી સંતોએ નિજવૈભવથી આત્માના મહાન આનંદનું જે સ્વસંવેદન કર્યું, તેનો જ નમૂનો આ સમયસારમાં છે. તેવો જ આનંદ નિજવૈભવને ઓળખતાં સમ્યગ્દ્રષ્ટિને અનુભવાય છે આચાર્યદેવ કહે છે કે અહો! આત્માના આવા શાંત–અમૃતરસને હે ભવ્યજીવો! તમે અત્યારથી માંડીને સદાકાળ પીઓ. એના વેદનથી આત્માને પરમ તૃપ્તિ થાય છે.

રાગમાં ચેતનાને તન્મય કરીને જે અનુભવે છે તે જીવ ગુન્હેગાર છે; તે સંસારરૂપી જેલમાં પડે છે; અને ચેતનાને રાગથી અત્યંત ભિન્નપણે જે અનુભવે છે તે જીવ બિનગુન્હેગાર છે, નિર્દોષ છે, તે સંસારની જેલમાં પડતો નથી, પણ સંસારથી મુક્ત થાય છે. અરે, આ સંસારના પ્રપંચ અને દુઃખ, તેનાથી છૂટવા માટે તું જ્ઞાનચેતનાનો અનુભવ કર. જ્ઞાનચેતના વગર ચૈતન્યની શાંતિનો બીજો કોઈ ઉપાય નથી.

અહો, આ તો અંદરની વાત છે...અંદરનો પરમ પ્રેમ લાગવો જોઈએ. જેવી બહારની પ્રીતિ કરી છે તેવી અંદરની પ્રીતિ કરતો નથી, જો ચૈતન્યનો યથાર્થ મહિમા જાણે તો તેની પરમ પ્રીતિ જાગે, ને બહારનો બધાનો મહિમા છૂટી જાય. તેને સ્વ–સન્મુખતાથી આત્માના અપૂર્વ આનંદસહિત સમ્યગ્દર્શન થાય. આ સમ્યગ્દર્શન છે તે નિશ્ચયથી આત્મા જ છે; આત્માના પરિણામ આત્માથી જુદા નથી. આવા સમ્યગ્દર્શનને હે ભવ્ય જીવો! તમે ભાવથી ધારણ કરો.–એમ ભગવાન જિનદેવના પરમાગમનો ઉપદેશ છે.

जय महावीर

# વીરનાં સંતાન

**( બંધુઓ, વીરનાં સંતાન કેવા હોય ? તે વાંચો )**

**“હે વીરજનની ! પુત્ર તારો જાય છે મોક્ષધામમાં,**
**નહીં માત બીજી ધારશે...ધારો ન શંકા લેશ ત્યાં.”**

અરે, ચોરાશીના અવતારમાં જીવને ક્યાંય સુખ નથી, ધર્મીપુત્ર–જેણે આત્માને જાણ્યો છે ને સંસારથી વિરક્ત છે–તે પોતાની માતાને કહે છે કે હે માતા ! આ સંસારમાં ક્યાંય મને ચેન નથી; આ સંસાર ક્લેશ અને દુઃખથી ભરેલો છે, તેનાથી હું હવે છૂટવા માંગું છું ને આનંદથી ભરેલો મારો આત્મા, તેને સાધવા હું વનમાં જવા માંગું છું; માટે હે માતા ! દીક્ષા માટે મને રજા આપો. અમે આ સંસારમાં બીજી માતા નહીં કરીએ.–આ પ્રમાણે વૈરાગ્યવંત ધર્માત્મા આત્માને સાધવા ચાલી નીકળે છે. અંદર જેને રાગથી ભિન્ન આત્માનો અનુભવ છે તેની આ વાત છે. અંદરમાં મોક્ષનો માર્ગ જેણે જોયો છે તે તેને સાધે છે.

* * * * *

કલૈયાકુંવર જેવા આઠ આઠ વર્ષના રાજકુંવરને, આત્માના ભાન સહિત વૈરાગ્ય થતાં આનંદમાં લીનતાની જ્યારે ભાવના જાગે છે, ત્યારે માતા પાસે જઈને કહે છે કે હે માતા ! દીક્ષા માટે હું જાઉં છું...આત્માના આનંદનું ધામ અંતરમાં જોયું છે તેને સાધવા હું જાઉં છું...માટે મને રજા આપ ! માતાની આંખમાંથી આંસુની ધારા વહે છે ને પુત્રને રોમેરોમે વૈરાગ્યની છાયા છવાઈ ગઈ છે; તે કહે છે કે અરે માતા ! જનેતા તરીકે તું મને સુખી કરવા માંગે છે, તો હું મારા સુખને સાધવા માટે જાઉં છું, તું મારા સુખમાં વિઘ્ન ન કરીશ; બા ! આત્માના આનંદને સાધવા હું જાઉં છું, તેમાં તું દુઃખી થઈને મને વિઘ્ન ન કરીશ...હે જનેતા ! મને આનંદથી રજા આપ. હું આત્માના આનંદમાં લીન થવા માટે જાઉં છું.

ત્યારે, માતા પણ ધર્માત્મા છે તે પુત્રને કહે છે કે બેટા ! તારા સુખના પંથમાં

હું વિઘ્ન નહિ કરું. તારા સુખનો જે પંથ છે તે જ અમારો પંથ છે. માતાની આંખમાં તો આંસુની ધાર ચાલી જાય છે ને વૈરાગ્યથી કહે છેઃ હે પુત્ર! આત્માના પરમ આનંદમાં લીનતા કરવા માટે તું જાય છે, તો તારા સુખના પંથમાં હું વિઘ્ન નહિ કરું...હું તને નહિ રોકું...મુનિ થઈને આત્માના પરમ આનંદને સાધવા માટે તારો આત્મા તૈયાર થયો છે, તેમાં અમારું અનુમોદન છે. બેટા! તું આત્માના નિર્વિકલ્પ આનંદરસને પી. અમારે પણ એ જ કરવા જેવું છે. અમારાં ધન્ય ભાગ્ય કે અમારો પુત્ર કેવળજ્ઞાન અને સિદ્ધપદને પામે!–આમ માતા પુત્રને રજા આપે છે.

અહા! આઠ વર્ષનો કલૈયોકુંવર જ્યારે વૈરાગ્યથી આ રીતે માતા પાસે રજા માંગતો હશે, ને માતા જ્યારે વૈરાગ્યપૂર્વક તેને સુખપંથે વિચરવાની રજા આપતી હશે, –એ પ્રસંગનો દેખાવ કેવો હશે!!

પછી એ નાનકડો રાજકુંવર જ્યારે દીક્ષા લઈને મુનિ થાય,–હાથમાં મોરપીંછી ને કમંડળ લઈને નીકળે–ત્યારે તો અહા! જાણે નાનકડા સિદ્ધભગવાન ઉપરથી ઊતર્યા! વૈરાગ્યનો અબધૂત દેખાવ! આનંદમાં લીનતા! વાહ રે વાહ!! ધન્ય તારી દશા!

* * * * *

## શૂરવીર થઈને તું મોક્ષપંથે આવ

### (પ્રભુનો મારગ છે શૂરાનો)

શ્રીગુરુ શિખામણ આપે છે કે હે ભવ્ય! આત્માના અનુભવ માટે સાવધાન થાજે...શૂરવીર થાજે...જગતની પ્રતિકૂળતા દેખીને કાયર થઈશ નહિ...પ્રતિકૂળતા સામે ન જોઈશ, શુદ્ધઆત્માના આનંદ સામે જોજે. શૂરવીર થઈને–ઉદ્યમી થઈને આનંદનો અનુભવ કરજે. ‘હરિનો મારગ છે શૂરાનો...’ ...તે પ્રતિકૂળતામાં કે પુણ્યની મીઠાશમાં ક્યાંય અટકતા નથી; એને એક પોતાના આત્માર્થનું જ કામ છે. તે ભેદજ્ઞાનવડે આત્માને બંધનથી સર્વથા પ્રકારે જુદો અનુભવે છે. આવો અનુભવ કરવાનો આ અવસર છે–ભાઈ! તેમાં શાંતિથી તારી ચેતનાને અંતરમાં એકાગ્ર કરીને ત્રિકાળી ચૈતન્યપ્રવાહરૂપ આત્મામાં મગ્ન કર...ને રાગાદિ સમસ્ત બંધભાવોને ચેતનથી જુદા અજ્ઞાનરૂપ જાણ. આમ સર્વ પ્રકારે ભેદજ્ઞાન કરીને તારા એકરૂપ શુદ્ધઆત્માને સાધ. મોક્ષને સાધવાનો આ અવસર છે.

અહો, વીતરાગના મારગડા જગતથી જુદા છે. જગતના ભાગ્ય છે કે સંતોએ આવો મારગ પ્રસિદ્ધ કર્યો છે. આવો મારગ પામીને હે જીવ! ભેદજ્ઞાન વડે શુદ્ધઆત્માને અનુભવમાં લઈને તું મોક્ષપંથે આવ.

## સમાચાર–ચાલુ ( અનુસંધાન ટાઈટલ પાનું–૨ )

ત્રીજું–જૈનોમાં રાત્રે ખાવાનું કે અળગણ પાણી પીવાનું તો હોય જ નહિ. સિનેમાના ભ્રષ્ટાચારી સંસ્કાર પણ શોભે નહિ. અરે બાપુ! આત્માને સાધવા માટે, ને ધર્મસાહિત્યના અભ્યાસ આડે તને એવી વિકથાનો વખત કેમ મળે છે? કે એમાં રસ કેમ આવે છે? વળી મધ કે મધવાળી દવાઓ, માંસાહારી જીવો સાથે ખાન–પાનનો વ્યવહાર, જ્યાં ઈન્ડાં–માંસ વપરાતા હોય એવી હોટલ વગેરેમાં જવાનું–એ પણ મુમુક્ષુજીવને હોય નહિ–સાધારણ જૈનને, કે જેને પાપનો ભય હોય–એવા આર્ય–સજ્જનને પણ એ વસ્તુઓ હોય જ નહિ.

બંધુઓ, આ બધી વાતોનો વિચાર કરજો; વાત તો છે નાની, પણ મહત્ત્વ છે મોટું; માટે તે બધું આપણા સમસ્ત જૈનસમાજમાંથી જડમૂળથી ઊખડી જાય–તેમ કરજો; એ બધું સહેલાઈથી થઈ શકે તેવું છે. માટે વીરનાથપ્રભુના મોક્ષગમનના આ મહાન વર્ષને સારી રીતે શોભાવવા આટલું જરૂર કરજો. બીજું પણ ઘણું કરવાનું છે...જે યથાઅવસરે કહેવાશે.

પરમાગમમંદિરનું કામ રાબેતા મુજબ ચાલી રહ્યું છે. ફાગણ સુદ ૧૩ નું મંગલ મૂરત નજીક આવી રહ્યું છે ને મહાન ઉત્સવ માટે હવે તૈયારીઓ થવા માંડી છે. અને ગામેગામના મુમુક્ષુ કાર્યકરોની એક ખાસ મિટિંગ આ માસમાં તા. ૮–૯ ના રોજ સોનગઢમાં ઉત્સવસંબંધી બધા આયોજનોનો વિચાર કરવા માટે થઈ રહી છે. અને હવે તુરતમાં મહાવીરપ્રભુની અદ્‌ભુત ( અને સૌરાષ્ટ્રમાં સૌથી મોટી ) પ્રતિમા સોનગઢમાં આવશે–તે માટે ભક્તજનો ઈન્તેજારીથી રાહ જોઈ રહ્યા છે. સોનગઢના મંગલ ઉત્સવ બાદ તુરત ગઢડા શહેરમાં વેદી પ્રતિષ્ઠાનું મૂરત છે; એટલે ઉત્સવ પછી ગુરુદેવનો વિહાર થશે. તે સંબંધી કાર્યક્રમ નક્કી થયે હવે પછી જણાવીશું.

ભાવનગરઃ– કારતક વદ એકમના રોજ ભાવનગર તેમજ સોનગઢના દિ. જૈનસંઘના ૨૦૦ જેટલા મુમુક્ષુ ભાઈ–બહેનો ઘોઘાના પ્રાચીન દિ. જિનમંદિરોના દર્શનાર્થે ગયા હતા, ત્યાં આનંદ–ઉલ્લાસથી જિનેન્દ્રદેવના ભક્તિ–પૂજન કર્યા હતા. ઘોઘામાં સૌરાષ્ટ્રના સૌથી પ્રાચીન બે હજાર વર્ષ જેટલા પુરાણા જિનબિંબો બિરાજે છે. ઘોઘાની યાત્રા બાદ ભાવનગર આવીને, વિદ્વાન ભાઈશ્રી નવલભાઈ જે. શાહના સુહસ્તે વીતરાગવિજ્ઞાન જૈન પાઠશાળાનું ઉદ્‌ઘાટન થયું હતું.–આ એક પ્રશંસનીય અને જરૂરી કાર્ય છે. પાઠશાળામાં અભ્યાસ કરતા બાળકોને ધન્યવાદ!

મદ્રાસઃ– મુમુક્ષુ મંડળના મંત્રી શ્રી શાંતિભાઈ જણાવે છે કે દિવાળીને દિવસે અહીંથી બસ દ્વારા એકસો જેટલા મુમુક્ષુ યાત્રિકો મદ્રાસથી ૮૦ માઈલ પર આવેલી કુંદકુંદપ્રભુની પાવન તપોભૂમિ પોન્નૂર–મલય તીર્થધામની યાત્રાએ ગયા હતા; આખો દિવસ ત્યાં રહી આનંદપૂર્વક ભક્તિ–પૂજન ને આત્મભાવનાઓ કરી હતી; ને કુન્દકુન્દાચાર્યદેવનો મહાન ઉપકાર યાદ આવતો હતો. અહા, કુન્દકુન્દપ્રભુના પરમ ઉપકારની શી વાત! અને એવા કુન્દકુન્દપ્રભુનું હૃદય ઓળખાવનાર કહાનગુરુનો ઉપકાર પણ મહાન છે. પોન્નૂર (એટલે કે સુવર્ણનો પહાડ)–તેના પર ચઢવા માટેના પગથિયા બંધાય છે ને ત્રીજા ભાગના બંધાઈ ગયા છે. શ્રી શાંતિભાઈ વિશેષમાં જણાવે છે કે જે કોઈ મુમુક્ષુ ભાઈ અહીં યાત્રાર્થે આવવા માંગતા હોય તેમને માટે બધી સગવડતા કરી આપશું; તે માટે નીચેના સરનામે ખબર આપવા–

શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ. ૯ બંદરસ્ટ્રીટ, મદ્રાસ ૧ (ફોન. ૨૩૫૭૦)

* મલાડઃ– (મુંબઈ) મુમુક્ષુમંડળ તરફથી સમાચાર છે કેઃ અહીંના મંડળ તરફથી બોરીવલી–ત્રિમૂર્તિ (ઋષભદેવ–ભરત–બાહુબલી) ની દર્શનયાત્રાનો કાર્યક્રમ રાખેલ, તેમાં યુવકમંડળ અને પાઠશાળાના બાળકોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. યુવકોએ સુંદર જાગૃતી બતાવી. વિદ્યાર્થીઓ પણ ધર્મસંસ્કારને પુષ્ટ કરી રહ્યા છે. પાઠશાળાના ૬૦–૭૦ જેટલા બાળકો વીતરાગવિજ્ઞાનની પરીક્ષા આપશે. ગામેગામ પણ વિદ્યાર્થીઓ માટે જૈન પાઠશાળા ચાલુ થાય તેવી ભાવના ભાવી છે–ધન્યવાદ!

---

## * પ્રેમથી આત્મધર્મ વાંચો...અને...શોધી કાઢો *

(આ અંકમાંથી શોધી કાઢવાનાં દશ વાક્યો–)

(૧) અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહભાવ વડે મહાવીરપ્રભુના...
(૨) સ્વરૂપ–લક્ષ્મી પ્રાપ્ત થશે..થશે ને થશે!–એ અનેકાન્તમાર્ગનો...
(૩) મુમુક્ષુનું જીવન અડગપણે આત્મહિતના માર્ગે જ વર્તે છે,...
(૪) સમ્યગ્દર્શનની કિંમત કેટલી? ...
(૫) તન–ધનમાં નહીં સુખનું નામ, સુખ–શાંતિનું...
(૬) અહો, અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયસુખ, તે તો...
(૭) અનેકાન્ત તે જીવન, એકાંત તે...
(૮) અનેકાન્ત માર્ગ વડે જગતમાં તત્ત્વજ્ઞાનનો પ્રચાર...
(૯) મોહને હણવા માટે અરિહંતદેવે ઉપદેશેલું અમોઘસાધન એટલે...
(૧૦) અહો, અનેકાન્ત પ્રકાશીને અરિહંતદેવે મહાન...

બંધુઓ, આ દશમાં જે એકી નંબરનાં વાક્યો છે તે આ અંકમાં એકી નંબરના પાનામાં છે, અને જે બેકી નંબરનાં વાક્યો છે તે બેકી નંબરના પાનામાં છે. જવાબ મોકલવાનું સરનામું– સંપાદક–આત્મધર્મ, સોનગઢ ( ૩૬૪૨૫૦ )

## મહાવીર ભગવાનના મોક્ષગમનના ૨૫૦૦મા વર્ષ નિમિત્તે યોજાયેલ નિબંધયોજનામાં ભાગ લ્યો

( ૧ ) મહાવીર ભગવાનની ઓળખાણથી આપણને થતો મહાન લાભ.

( ૨ ) મહાવીર પ્રભુના નિર્વાણગમનના અઢી હજારમા વર્ષમાં આત્મહિત માટે આપણું કર્તવ્ય.

ઉપરોક્ત બેમાંથી કોઈપણ વિષય ઉપર ચાર–પાંચ પાનામાં એક નિબંધ લખીને તા. ૧૫ જાન્યુઆરી સુધીમાં મોકલી આપો. નિબંધમાં સૌ કોઈ ભાગ લઈ શકે છે. સંપાદકના નિર્ણયઅનુસાર શ્રેષ્ઠ નિબંધો માટે યોગ્ય ઈનામો આપવામાં આવશે. વિશેષ માહિતી આત્મધર્મના ગતાંકમાં આપેલ છે. નિબંધ મોકલવાનું સરનામું–

બ્ર. હરિલાલ જૈન, સંપાદક– આત્મધર્મ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) ૩૬૪૨૫૦

### આત્મધર્મ ઉત્સાહથી વાંચનારાઓને ધન્યવાદ

ગતાંકમાં દશ વાક્યો આત્મધર્મમાંથી શોધવાનું પૂછેલ, તેમાં ૩૦૦ જેટલા સભ્યોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો છે. પૂછેલા દશ વાક્યો અનુક્રમે પાનું–૪, ૨૪, ૪, ૨, ૫, ૮, ૧૧, ૧, ૨ અને ૨–એ પાનામાં છે. ભાગ લેનાર સૌને ધન્યવાદ સાથે ઈનામરૂપે “શૂરવીરસાધક” નામનું પુસ્તક મોકલી દેવામાં આવ્યું છે. એવી જ રીતે ઉત્સાહથી આત્મધર્મ દ્વારા રજુ થતી બધી યોજનાઓમાં સૌ ભાગ લેશો.

### ચાલો વિચારીએ–

નીચેના પ્રશ્નોના જવાબ વિચારી રાખશો, અને આવતા અંકમાં વાંચશો–

( ૧ ) આપણા સૌરાષ્ટ્ર–ગુજરાત રાજ્યમાં ચાર સિદ્ધક્ષેત્ર–તીર્થધામ આવેલા છે–તે કયા–કયા ?

( ૨ ) આપણે એક જીવ એવા શોધી કાઢવા છે કે જેઓ જરાય દુઃખી ન હોય;–જે મનુષ્યગતિમાં ન હોય, દેવગતિમાં પણ ન હોય;– તો તે ક્યાં હશે ?

( ૩ ) આપણે નમસ્કાર મંત્ર બોલીને રોજ જે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીએ છીએ, તેમાંથી પૂરા જ્ઞાની કેટલા ? ને અધૂરા જ્ઞાની કેટલા ?

( ૪ ) તે પાંચ પરમેષ્ઠીઓ કઈ કઈ ગતિમાં હોય ?

# વૈરાગ્ય સમાચાર

* અમદાવાદ મુમુક્ષુમંડળના માજી પ્રમુખ ભાઈ શ્રી કલ્યાણભાઈના ધર્મપત્ની, કારતક સુદ ૧૩ની રાત્રે એકાએક હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસ પામી ગયા. બીજે દિવસે તો ગુરુદેવ અમદાવાદ પધારવાના હોવાથી સ્વાગતનો અને પ્રવચનનો લાભ લેવા તેઓને ઘણી હોંશ હતી, પરંતુ તેમની તે ભાવના પૂરી થતાં પહેલાં તો તેઓ સ્વર્ગવાસ પામી ગયા.

* અમદાવાદના સ્વર્ગસ્થ ભાઈશ્રી ચંપકલાલ સુંદરજીના ધર્મપત્ની શાંતાબેન ચંપકલાલ (ઉ. વ. ૪૪) કારતક સુદ ૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢ મુકામે શ્રી દુધીબેન (તેઓ સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી હરગોવિંદદાસ દેવચંદ મોદીના બહેન, ઉ. વ. ૮૭ લગભગ) તા. ૨૧–૧૧–૭૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમની અંતિમ સ્થિતિ ખૂબ વૈરાગ્યપ્રેરક હતી. લગભગ ૬૦ વર્ષથી તેઓ ગુરુદેવના પરિચયમાં હતા; ને ગુરુદેવ સોનગઢ રહ્યા ત્યારથી વિશેષ ભક્તિપૂર્વક તેઓ લાભ લેતા, કેમકે તે વખતે સોનગઢમાં એક હીરાભાઈ ભગત અને બીજા હરગોવિંદભાઈ–એ સિવાય બીજા કોઈ મુમુક્ષુના ઘર ન હતા. ગુરુદેવ સોનગઢમાં રહ્યા અને પોતાને ગુરુસેવાનો લાભ મળ્યો તેને તેઓ પોતાનું મહાભાગ્ય સમજતા હતા.

* દામનગરના ભાઈશ્રી ત્રિકમલાલ કાળીદાસના ધર્મપત્ની જીવકોરબેન કારતક વદ દશમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગર મુકામે સમરતબેન (તેઓ જીવણલાલ મૂળજીભાઈના ધર્મપત્ની) ગત માસમાં સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદ મુકામે ભાઈશ્રી મનસુખલાલ નથુભાઈ મહેતા આસો વદ અમાસના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી કાન્તિલાલ કેશવલાલ શાહ ટુવાવાળા (હાલ મુંબઈ) માગશર સુદ ૪, ગુરુવાર, તા. ૨૯–૧૧–૭૩ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

## આત્મધર્મ-પ્રચાર તથા બાલવિભાગ માટે આવેલ રકમોની યાદી

[ આપણું 'આત્મધર્મ' માસિક, અત્યારે કપરી મોંઘવારી અને કાગળની અછત વચ્ચે પણ, સુખે-સુખે પ્રગતિપંથે પ્રયાણ કરી રહ્યું છે, જ્યારે બીજા ઘણાખરા પત્રો ખૂબ મુશ્કેલી અનુભવી રહ્યા છે ને લવાજમ વધારી રહ્યા છે ત્યારે આપણા આત્મધર્મનું લવાજમ યથાવત જ રહ્યું છે; તેનું કારણ મુમુક્ષુઓનો ઉત્સાહભર્યો સહકાર છે. આત્મધર્મના પ્રચાર માટે જિજ્ઞાસુઓ તરફથી આવતી રકમો દ્વારા તેના ખર્ચનો ઘાટો લગભગ પૂરો થઈ જાય છે,-એટલે જરાય ઘાટો રહેતો નથી-તે આત્મધર્મનું અને તેના પાઠકોનું ગૌરવ છે. આપણે હજી પણ પ્રગતિના પંથે એક પગલું આગળ વધવા માગીએ છીએ, ને તે સંબંધી યોજના તુરતમાં પ્રમુખશ્રીની સંમતિથી પ્રગટ થશે. ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | જેકુંવરબેન મયાચંદ શાહ | કલકત્તા | ૨૫ | મનસુખલાલ મોનજીભાઈ | મુંબઈ |
| ૫૧ | કસ્તૂરચંદ પ્રાણજીવન ડોઢીવાળા | જોરાવરનગર | ૫૧ | ભાયાણી હરિલાલ જીવરાજ | ભાવનગર |
| ૯ | મોતીલાલજી જૈન | – | ૫૧ | મુકુન્દભાઈ એમ. ખારા | મુંબઈ |
| ૫૨ | ચીમનલાલ છોટાલાલ ઝોબાલિયા | મુંબઈ | ૭૬ | કમળાબેન લાભશંકર મહેતા | વડોદરા |
| ૪૧ | ચંદુલાલ ત્રિભુવનદાસ ઘડિયાળી | મોરબી | ૧૫ | પ્રવીણચંદ્ર મથુરદાસ | સુરેન્દ્રનગર |
| ૨૧ | બ્ર. ઇંદુબેન-કસ્તુરબેન લોદરીયા | સોનગઢ | ૨૫ | મંજુલાબેન મનહરલાલ | બેંગ્લોર |
| ૧૧ | અનીલ પ્રફુલ્લચંદ્ર જૈન | – | ૧૨ | શંકરલાલ નંદાજી પવાર | ભાવનગર |
| ૫૧ | દેવસીભાઈ કચરા શાહ | જામનગર | ૧૧ | સુરેશચંદ્ર શાહ | અંધેરી |
| ૫૧ | નવલભાઈ જે. શાહ | સોનગઢ | ૫૧ | ત્રિકમલાલ હિંમતલાલ શાહ | વઢવાણ |
| ૨૫ | જ્યોતિબેન તથા પુરીબેન | મુંબઈ | ૨૧ | ભાયાણી હરિલાલ જીવરાજ | ભાવનગર |
| ૫૧ | છગનલાલ મોનજીભાઈ દેસાઈ | સોનગઢ | ૫૧ | એક સદગૃહસ્થ | – |
| ૫૧ | ચીમનલાલ ભાઈલાલ ડેલીવાળા | સુરત | ૧૫૧ | ચીમનલાલ પ્રેમજીભાઈ ગોસળીયા | મોડાસા |
| ૫૧ | છોટાલાલ ડામરશી | સોનગઢ | ૫૧ | છોટાલાલ ડામરશી શાહ | સોનગઢ |
| ૫૦ | બ્ર. ભાનુબેન ખીમચંદ શેઠ | સોનગઢ | ૧૫ | એક મુમુક્ષુ બહેન | બેંગ્લોર |
| ૨૫ | મોહનલાલ કેશવજી ભાયાણી | લાઠી | ૧૫ | કાન્તાબેન દવે | સોનગઢ |

( તા. ૨૭-૧૧-૭૩ સુધી )

**સૂચના :-** શ્રી કુંદકુંદ કહાન-સોસાયટી સોનગઢ તરફથી સૂચના આપવામાં આવે છે કે આ સોસાયટીમાં લગભગ રૂા. ૨૦,૦૦૦/- ની કિંમતના નાના ૫૦૦ ચો. ફીટના બ્લોક પણ કરવાનું નક્કી કર્યું છે તો જેમની ઇચ્છા હોય તેમણે રૂા. ૩૩૫૧/- એન. સી. જવેરી એન્ડ અધર્સના નામથી બેન્ક ઓફ ઇન્ડિયાના ડ્રાફ્ટ થી મોકલવા.

**ઘડીક વિચાર તારું સ્વરૂપ, તો તું પામીશ સુખ અનૂપ**

જિનવર પુત્ર
મારો તું મિત્ર;
ઇચ્છે જો સુખ
તો થૈ જા મુક્ત

જિન મારા દેવ
કરું એની સેવ;
ધ્યાન ધરવાની
મને હો ટેવ.

卐

દ્રવ્ય મારું શુદ્ધ
ગુણો છે શુદ્ધ;
ઓળખી એને
થાઉં હું બુદ્ધ.

રાજા નમે વળી
નમે છે ઇન્દ્ર;
ભક્ત બોલો સૌ
જય જિનેન્દ્ર.

卐

કેવળજ્ઞાન ત્યાં
મોટું છે સુખ;
જ્યાં અજ્ઞાન ત્યાં
એકલું દુઃખ.

મોક્ષને વરવા
ભવથી તરવા;
સમકિત પામો
ખરું સુખ લેવા.

卐

વીતરાગી જ્ઞાન
તોડે અજ્ઞાન;
આતમવૈભવ
આપે મહાન.

ગણધરદેવ
કરે જેની સેવ;
એવા જિનદેવ
તે મારા દેવ

**ચેતનદેવા આનંદમેવા, કરું તારી સેવા સિદ્ધ પદ લેવા.**

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૫૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : માગશર (૩૬૨)